
# અધ્યાત્મ




વર્ષ : ૨૨ નવેમ્બર - ૨૦૦૦ અંક : ૨

## * અનાથાશ્રમ નહીં પણ સેવાશ્રમ *

આપણે ત્યાં અનાથાશ્રમો ઘણા છે, ને તેમની સંખ્યા વધતી જાય છે. સમાજમાં અનાથો વધે તે સારી વાત નથી. પણ જ્યારે સમાજમાં અનાથો હોય જ ત્યારે તેમને સહાય કરનારા આશ્રમો વધે એ ખરેખર આનંદ પામવા જેવી વાત છે. સેવાની જાહેર સંસ્થાઓ જે સમાજમાં વધે તે સમાજ આખરે અભ્યુદયને માર્ગે આગળ વધે છે. એમાં સંદેહ નથી. તે વિશે મારે ખાસ કંઇ કહેવાનું નથી. મારે તો અનાથાશ્રમ સંબંધી જ થોડો ઉલ્લેખ કરવો છે. અનાથાશ્રમ શબ્દ છે તો સારો, પણ વધારે ભાગના લોકો તેમાં એકલદોકલ, અસહાય, રખડતા, કંગાળ અને અનાથ સ્ત્રીપુરુષો રહેતા હશે એમ માને છે. એવી માન્યતાથી પ્રેરાઇને અનાથાશ્રમો ને તેમાં રહેનારા સભ્યોને તે કાંઇક હલકી ને સૂગની નજરે જુએ છે. આ વસ્તુ સારી નથી. ને તેથી અનાથાશ્રમ શબ્દમાં તેવી ભ્રામક માન્યતાની શક્યતા સમાયેલી ના હોય તોપણ તેને બદલે બીજા કોઇ સારા શબ્દનો પ્રયોગ કરવાનું વધારે યોગ્ય થઇ પડે તેમ લાગે છે. અનાથાશ્રમને બદલે સેવાશ્રમ, બાળાશ્રમ શબ્દનો પ્રયોગ વધારે સારો કહી શકાય. આશ્રમના બાળકોને અથવા તેના સ્ત્રી–પુરુષ સભ્યોને પણ આપણે કહીશું કે તમારી જાતને અનાથ ન માનશો. માતા–પિતા જેવા લૌકિક સંબંધોથી વંચિત થવા છતાં પણ તમારી જાતને અસહાય ને નિરાધાર ન સમજશો. ઈશ્વર સારા સંસારનો સ્વામી છે. તે જ સૌનો પિતા છે ને માતાની જેમ માયાળુ બનીને સૌની સંભાળ લેવા પણ તે તૈયાર છે. **યોગેશ્વરજી**

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦
વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. **ફોન : ૫૬૫૮૧૧**
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## પ. પૂ. યોગેશ્વરજી રચિત સરલ ગીતા અને વિષ્ણુસહસ્ર પ્રકાશિત થઇ ગયા છે.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી રચિત સરલ ગીતા અને વિષ્ણુસહસ્ર બંને પુસ્તકોનું પુનઃ પ્રકાશન થઇ ગયું છે.

સરલ ગીતાની કિમ્મત રૂા. ૬ છે, જ્યારે વિષ્ણુસહસ્રની કિમ્મત રૂા. ૯ છે.

આ પુસ્તકો નીચેનાં સ્થળેથી મળી શકશે.

૧. મુંબઇ–શ્રી મધુભાઇ ભટ્ટ, બોરીવલી ઇસ્ટ. (સરનામું કેસેટની જાહેરખબરમાં છે.)

૨. સુરત–પિનાકીન જાની, ૩૦૧, નીલધારા ફ્લેટ્સ, આકાંક્ષા હોસ્પીટલવાળો ખાંચો, ભુલકાભુવન પાછળ, સુરત–૯ ટે. નં. ૬૮૩૭૪૭.

૩. વડોદરા–વિજયભાઇ પુરોહિત, મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય, ચોખંડી હનુમાનમંદિર પાસે, વડોદરા. ટે. નં. ૪૨૬૨૧૬.

૪. રાજકોટ–વિજયભાઇ કનેરિયા. (સરનામું કનેરિયા એન્જીનીયરીંગ વકર્સની જાહેરખબરમાં છે.)

૫ ભાવનગર–તંત્રી અધ્યાત્મ, પ્લોટ નં. ૧૯૮૮ બી, સરદારનગર, ભાવનગર–૧. ટે. નં. ૫૬૩૨૮૫

૬. અમદાવાદ–શ્રી રંજનબેન ઠાકર, ૧૮, શ્રી રાજકમલ પાર્ક, સેંટ ઝેવિયર સ્કૂલ રોડ, નવજીવન, અમદાવાદ–૧૪.

૭. મોરબી–શ્રી હરિભાઇ ભોજાણી, ૐ મા, પ્લોટ નં. ૩૦, યોગેશ્વર સોસાયટી, રવાપર રોડ, મોરબી. ટે. નં. ૩૦૨૨૨.



## * અભિનંદનીય સહાય *

**અધ્યાત્મ માસિકના નવેમ્બર, ૨૦૦૦ ના અંક-ની પ્રસિદ્ધિનો બધો ખર્ચ, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી-ની પ્રેરણાથી, પનામાના સત્સંગ મંડળ તરફથી આપવામાં આવી રહ્યો છે. આ સત્કાર્યમાં પનામાના શ્રી વસંતભાઇ પી. ભક્ત અને શ્રી ગુલાબબેન ભક્તનો ફાળો ઉલ્લેખનીય છે, એમ જાણવા મળ્યું છે. સત્સંગ મંડલનાં જે કોઇ ભાઇબહેનોએ અધ્યાત્મને સહાય કરી છે, તે સહુ ખરે જ અભિનંદનને પાત્ર છે. મા–પ્રભુ તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે એ જ પ્રાર્થના. અત્યારે તેમ જ અગાઉ પરદેશના સત્સંગ-પ્રેમી ભાઇબહેનો તરફથી સહાય મળેલી એટલે તો રોજ રોજ વધતા જતા ભાવો વચ્ચે પણ અધ્યાત્મ છેલ્લાં ૨૧ વર્ષોથી આટલા સામાન્ય લવાજમના દરે વાંચકોને આપી શક્યા છીએ. આથી સહાય કરનાર સહુના અમે આભારી છીએ.**

**— તંત્રી**

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૨ નવેમ્બર–૨૦૦૦ અંક : ૨

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

[નોંધ : તા. ૧૬/૮ થી ૨૬/૮/૮૧ ની ડાયરી હાલ હાથવગી નથી. એટલે તા. ૨૭/૮ ની નોંધથી શરૂ કરેલ છે, જેથી 'યોગેશ્વર કથામૃત'ની લેખમાળામાં તૂટ ન પડે. દરેક દિનની ડાયરીની નોંધ એ એક સ્વતંત્ર એકમ જ છે, જેથી રસક્ષતિનો પ્રશ્ન ઊભો થતો નથી. આમ છતાં—આ વચલા દિનોની નોંધ જલદીથી મેળવી મૂકવા પ્રયત્ન કરીશું. અમારી ક્ષતિ બદલ પૂ. મા અને વાચકો ક્ષમા કરે. —તંત્રી]

તા. ૨૭/૮/૮૧ ગુરુવાર, શ્રાવણ વદ તેરશ, ૨૦૩૭

સ્થળ : શ્રી હિન્દુમંદિર, લેસ્ટર શહેર, ઇંગ્લેન્ડ.

શાંતિનું સ્મરણ થાય એવી શાંત ભૂમિ. મોટેથી બોલવું, ગાવું કે માર્ગ ઉપર રેડિયાના જાહેરાતના અવાજો કે મોટરનાં હોર્ન કશું જ નહીં. ખૂબ શાંતિ. હા. દિવસમાં એક વાર આ શેરીમાં મ્યુઝીક વગાડતી એક ગાડી આવે છે. તેમાં પાંઉ, આઇસ્ક્રીમ વગેરે. વેચવામાં આવે છે, પણ તે ગાડી એક બે સેકન્ડ જ મ્યુઝીક વગાડે. લોકોને જાણ કરવા પૂરતું જ.

ઓરડાની બારીમાંથી રસ્તા ઉપર કચરો સાફ કરનારા જોવા મળ્યા. કેસરી રંગના યુનિફોર્મ, હાથમાં ઊંડી સૂપડીજેવું સાધન જેનાથી ઊભા ઊભા જ કચરો બ્રશથી ભરી શકાય. ગાડીમાંથી પોતે ઉતરીને કચરો સાફ કરી ગાડીમાં નાંખી દે. ખાસ કચરો ક્યાંયે જોવા ન મળે.

અહીંના મકાનોની બાંધેલી એકસરખી. ફૂટપાથ એક સરખી. રસ્તાઓ એક સરખા પહોળા. ગમે તેટલો વાહનવ્યવહાર હોય પણ બધા શાંતિથી જ આવ જા કરે. શિસ્તપાલનની ભાવના ઉત્તમ.

વૃદ્ધ સ્ત્રીપુરુષો જો સ્વતંત્ર રહેતા હોય તો ખર્ચેપેટે પચાસ પાઉન્ડ ને ભાડે ઘર હોય તો અઠવાડિયે સોળ પાઉન્ડ ભાડા પેટે સરકાર આપે. સરકારની મદદ સારી મળે.

રસ્તા પસાર કરવા માટે ફૂટપાથ ઉપર ક્રોસીંગની જગ્યાએ થાંભલા હોય છે. ત્યાં સ્વીચ હોય છે. ત્યાં બેલ વગાડી શકાય એટલે તરત જ લાલ લાઇટ થઇ જાય. જેથી વાહનો સહજ રીતે ઊભાં રહી જાય ને આપણે સહેલાઇથી રસ્તો પસાર કરી શકીએ. ભૌતિક સગવડો જાહેર જનતાને માટે ઘણી સારી જોવા મળે છે.

પૂ. શ્રીનો નિત્યક્રમ કદી પણ અનિયમિત થતો જ નથી. નિયમિત સૂર્યોદય. નિયમિત પૂ. શ્રીનો જીવનક્રમ. પછી દેશ હોય કે વિદેશ, ઘર કે જંગલ. જ્યાં પણ હોય ત્યાં એ જ નિયમિતતાનાં દર્શન થાય છે.

સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ, દૂધ પીવું ને લેખન શરૂ થાય. આજે સવા અગિયાર વાગ્યા સુધી લેખન ચાલુ રહ્યું. પછી ગુરુવાર હોવાથી સાંઇબાબાની સ્તુતિ સર્વેશ્વરી સાથે બોલાય છે.

ત્યાં તો મુલાકાતીઓ અંદર આવવા માટે બેલ વગાડે છે. પરંતુ પૂ. શ્રીએ કહ્યું : જેને આવવું હોય તે સાડા અગિયાર વાગ્યે જ આવે. ન આવવું હોય તો વહેલા આવીને મળ્યા વિના ભલે ચાલ્યા જાય. પણ સમય એટલે સમય.

પૂ. શ્રીની એ સૂચનાથી સર્વેશ્વરી બારણું ખોલતાં નથી. સમય થયો ત્યારે જ બારણું ખૂલ્યું.

આજે શ્રી દ્વારિકાદાસને બીજા બે ભાઇઓ આવીને બેઠા છે. શ્રી દ્વારિકાદાસને ભારત જઇને બધા સંતોનાં દર્શન કરવાં છે. પૂ. શ્રી સાથે તેઓ વાતો કરે છે.

પૂ. શ્રી : જવું હોય તો જાઓ. સંતદર્શનની ભાવના સારી છે. પણ જેને કંઇક મેળવવું છે તે આ રીતે બધે દોડાદોડ કરે તે હવે સારું નહીં. ભારત જાઓ એટલે પૈસાનું પાણી. શરીરનું પાણી. સમયનું પાણી. ભોજનનું પાણી. અરે, તમારી શ્રદ્ધાનું પણ પાણી.

મંત્ર તો તમને મળી ગયો છે. તેને જ જપવા માંડો, ને તમે જ સિદ્ધ બની જાઓ. તમે હમણાં દર્શને જાઓ છો પછી લોકો તમારા દર્શને આવે એવા સાધનામાં દટાઇ જાઓ.

એક ભાઇ જ્ઞાનના ગર્વ સાથે ગીતાના શ્લોકની ચર્ચા કરવા આવ્યા છે. પૂ. શ્રીએ તેમને સાચા ને શાસ્ત્રીય શ્લોક સાથે ઉત્તરો આપ્યા, જેથી તેમને અધકચરા જ્ઞાનની સમજનું ભાન થયું. સૌ વિદાય થયા.



આજે શ્રી વિજયાબેનને ત્યાં જતાં પહેલાં શ્રી ગોવિંદભાઇ પોતે જ્યાં મેનેજર છે ત્યાં પેટ્રોલપંપ ઉપર લઇ ગયા.

પેટ્રોલ ભરવાના ચાર પંપ હતા. ઓફિસમાં બેઠાં બેઠાં કયા નંબર ઉપર કેટલું પેટ્રોલ ને કેટલા પૈસાનું ભરાયું તેની માહિતી ટેબલ ઉપરના મશીનથી મળી જાય. દરેકે જાતે જ પેટ્રોલ ભરવાનું રહે. પેટ્રોલ ભરી આપનાર કોઇ નોકર ન હોય. પેટ્રોલપંપની મોટી ઓફિસ જેમાં સૂટકેશ, બ્રીફકેશ, ટેબલ, ખુરશી, આરામ ખુરશી, ઓશીકાં, બીસ્કીટ, ચોકલેટ વગેરે વેચાય.

શ્રી ગોવિંદભાઇએ પૂ. શ્રીને એક નાની બ્રીફકેશ જે પાસપોર્ટના કાગળો વગેરે મૂકવા કામ આવે તે ભેટ સ્વીકારવાની આગ્રહભરી વિનતી કરી. સર્વેશ્વરીને એક સૂટકેશ ભેટ આપવા પણ આગ્રહ કર્યો. બંનેએ કહ્યું, "અમારી પાસે પાસપોર્ટના કાગળો મૂકવા નાની થેલી ને કપડાં મૂકવા સૂટકેશ છે, જેથી તમારી ભેટ લઇને શું કરીએ?"

શ્રી ગોવિંદભાઇની ભાવનાને મનોમન ધન્યવાદ અર્પી શ્રી વિજયાબેનને ત્યાં જવાનું બન્યું. ખીચડી, કઢી અને બાજરાના રોટલાનું ભોજન લીધું.

ભોજન બાદ દરરોજની જેમ કંઇક ને કંઇક ચર્ચા નીકળી. એક પ્રશ્નના ઉત્તરમાં પૂ. શ્રી હિમાલય કેવી રીતે ગયા તેની વિગતવાર વાતો થઇ. રસપ્રદ વાતો હતી, પણ સમય આગળ વધી રહ્યો હતો તેથી સૌ ઊઠયા.

માર્ગમાં તડકે ઉઘાડા શરીરે બેઠેલા અંગ્રેજ સ્ત્રીપુરુષો જોવા મળ્યાં. ઇંગ્લેન્ડમાં આવો તડકો કોઇક જ વાર મળે છે.

ઉતારા ઉપર આવી આરામ. થોડા આરામ બાદ પૂ. શ્રી

લેખન કરે છે. સર્વેશ્વરી રામાયણનું પારાયણ ૫–૪૫ સુધી કરે છે.

દરરોજની જેમ પછી દૂધ ગરમ કરી બંને લઈ લે છે. દૂધ પીધા બાદ પૂ. શ્રી ઓરડામાં શાંતચિત્તે આંટા મારે છે. સર્વેશ્વરી ડાયરીની નોંધ કરે છે.

આજે સાંજની મુલાકાતમાં એક ભાઈ પૂ. શ્રીને શાલ ને સર્વેશ્વરીને સ્વેટર આપવા ઈચ્છે છે. ફરીથી તે બંને વસ્તુ પ્રસાદી-રૂપે તે ભાઈને આપી દેવાનું બને છે. તે ભાઈને ખૂબ દુ:ખ થયું. તેમણે કહ્યું, આજે હું ઘણી દુકાને ફર્યો ત્યારે મને ગમે તેવી શાલ મેળવી શક્યો ને આપ એનો અસ્વીકાર કરો છો?

પૂ. શ્રી : ભારત તમે આવો ને આપો તોપણ અમે ખાસ સ્વીકારતા નથી અને ધારો કે લઈએ તો ત્યાં તો ઘણા ગરીબો જેને તે રસ્તુ આપી શકાય ને તે વસ્તુનો સદ્‌ઉપયોગ થાય.

સમયસર પ્રવચન થયું. પ્રવચનને અંતે ભજન પણ દર-રોજની જેમ સર્વેશ્વરી ગવડાવે છે. સૌ પ્રણામ કરે છે. ત્યાં શ્રી જયાબેન પૂ. શ્રીની સાથે વાતો કરે છે. ગઈ કાલે આપે મને ધ્યાનની વિધિ બતાવી એ મુજબ આજે હું મંત્રજપ કરવા બેઠી. બે ભ્રમરની મધ્યમાં દૃષ્ટિ સ્થિર કરી ત્યાં જ તમારી કૃપાથી થોડી જ વારમાં પ્રકાશ દેખાયો ને ભગવાનની આકૃતિનો ઝાંખો આકાર આવવા લાગ્યો. મેં આંખ ખોલી નાંખી. મારાથી ખૂબ ખૂબ રડાઈ ગયું. હું દરરોજ આ રીતે ધ્યાનમાં બેસી શકું એવા આશીર્વાદ આપો.

શ્રી જયાબેનને ઉત્સાહ આપતાં પૂ. શ્રીએ કહ્યું, દરરોજ બેસજો. વધારે ને વધારે કૃપાના અનુભવો થતા રહેશે.

શ્રી રૂક્ષ્મણીબેન કહેવા લાગ્યાં, "ગુરુજી હું જે દિવસે રજા



લઈને આપને ખાસ મળવા આવી તે જ દિવસે મને સામેથી બોલાવીને કામમાં પ્રમોશન આપ્યું. હવે એક કામ છે તે પણ તમારી કૃપાથી થઈ જશે એવી શ્રદ્ધા છે.

પૂ. શ્રી : હિંમત ન હારવી, પ્રભુ, સારું જ કરશે. પ્રભુનું સ્મરણ કર્યા કરવું.

શ્રી રૂક્ષ્મણીબેન અને એમના પતિ નિયમિત પ્રવચનમાં આવે છે. તેમને ભજન ને પ્રવચનની ટેઈપ ભારતથી મંગાવવી છે. સર્વેશ્વરી એ માટે માહિતી આપે છે. બંને ખૂબ ભાવિક ને શ્રદ્ધાળુ છે.

વિદેશની આ ધરતી ઉપર પૂ. શ્રી સાથેની આ યાત્રા પ્રસન્નતાથી ચાલી રહી છે. પ્રભુની ઈચ્છા પ્રમાણે અહીં આવવાનું, રહેવાનું બને છે.

(ક્રમશ:)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

ફોન : ૨૨૮૨૩૧

# અમારાં મા શ્રી સર્વેશ્વરી

નારાયણ હ. જાની

સાચા સંત–મહાત્માઓનું પૃથ્વીપરનું પ્રાગટ્ય મહીના મંગલ માટે જ હોય છે, સંતો કદી પણ પૃથ્વીને ભારરૂપ થતાં નથી; કારણ કે તેઓ ધરતી માતા કે માનવસમાજ પાસેથી જે કંઇ લે છે તેના કરતાં અનેક ઘણું વધું આપતા રહે છે.

મા સર્વેશ્વરી પણ આવાં જ એક સાચાં સંત છે. તા. ૧૩ નવેમ્બર તેઓનો પ્રાગટયદિન છે.

સાચા સંતની એક જ પરીક્ષા છે. પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ લખ્યું છે.

"શાન્તિ આપે તેને સંત કહીએ જી."

કોઇ વ્યક્તિ ક્યારેય બીજાને પોતાની પાસે હોય તે જ આપી શકે છે. મારી પાસે રૂપિયા હોય તો હું બીજાઓને તે આપી શકું. તે પ્રમાણે જેમણે પોતે જીવનમાં પહેલાં શાન્તિ પ્રાપ્ત કરી હોય તેઓ જ બીજાને શાન્તિ આપી શકે છે. પરંતુ આજે એવી આત્મિક શાન્તિની પ્રાપ્તિ કરેલા સંતો પૃથ્વીપર કેટલા? આંગળીના વેઢે ગણાય એટલા જ અને તેમાંય જાહેરમાં વિચરણ કરતા તો ભાગ્યે જ જોવા મળે.

સાચા સંતોનું પ્રથમ લક્ષણ એ જોવા મળે છે કે તેઓ પ્રસિદ્ધિથી સદા દૂર રહે છે. સહજ રીતે તેમનાં કાર્યોથી તે થતી રહે તો તેનો તેમને રંજ હોતો નથી અને ન થાય તો તેનું કોઇ



દુઃખ હોતું નથી. તેઓનું જીવન ખૂબ સહજ અને સરળ હોય છે. તેઓ સદા આત્મતૃપ્ત હોવાથી તેમની શાન્તિ અને સ્થિરતા–કદી બીજા ઉપર આધારિત હોતાં નથી. આ તેઓની મોટામાં મોટી ઉપલબ્ધિ હોય છે.

થોડા દિવસો પહેલાં એક જીજ્ઞાસુ ત્યાગીએ પૂ. માને પૂછ્યું, "મા, આપને શું નિર્વિકલ્પ સમાધિનો અનુભવ થયો છે?"

પૂ. માએ પહેલાં તો સહજ રીતે માથું હલાવ્યું. પરંતુ પ્રશ્ન કરતા જીજ્ઞાસુ પાકો હતો. તેણે કહ્યું, "મા તમોને જોતાં જ લાગે છે કે આપને આ અવસ્થા અવશ્ય પ્રાપ્ત થયેલી છે."

તો પૂ. માએ લખ્યું, "નિર્વિકલ્પ શબ્દ બહુ ભારે લાગે છે. પૂ. ગુરુદેવની કૃપાથી અમને જપ કરતાં કરતાં ઘણીવાર શરીરનું ભાન ભૂલાઇ જાય છે ત્યારે સ્થળ, કાળ, સમય, શરીર, મન, બુદ્ધિ અને અહંકાર (અહંભાવ–અસ્તિત્વનો ભાવ) સુદ્ધાં સાવ ભૂલાઇ જાય છે. બે દિવસ પહેલાં જ પંદર મિનિટમાં આવું થતું રહ્યું."

પ્રશ્ન પૂછનારને સંતોષ થઇ ગયો. તેને જાણવું હતું કે આવી અવસ્થા પ્રાપ્ત થયેલ વ્યક્તિના જ રાગદ્વેષ શમી ગયા હોય છે. તેઓનું હરકાર્ય કેવળ આત્મકલ્યાણ કે જનહિત માટે જ હોય છે. તેઓ જ સાચા અર્થમાં પ્રેમ કરી શકે છે.

પૂ. માનો પ્રેમ પણ આવો નિર્વ્યાજ છે. જ્યારે તેઓને કોઇ સાચા ત્યાગી કે પ્રભુપ્રેમી જીજ્ઞાસુનો ભેટો થઇ જાય છે, ત્યારે પૂ. મા ખૂબ પ્રસન્નતા અનુભવે છે.

પૂ. માને મન ભૌતિક વસ્તુઓનું મૂલ્ય નહિવત્ છે. તેઓ ગમે તેવી કિંમતી વસ્તુ સહજ રીતે ગમતી વ્યક્તિને આપી દઇ શકે છે. એમાં પૂ. માનો અપૂર્વ પ્રેમ વ્યક્ત થતો હોય છે ને સામી

વ્યક્તિનું પ્રભુ પ્રત્યેનું ખેંચાણ વધારવાની જ ભાવના રહેલી હોય છે.

પૂ. માની વિશેષતાઓ તો ઘણી છે. પરંતુ સૌથી મોટી વિશેષતા તેઓનું ગુરુ પ્રત્યેનું સમર્પણ છે. આવું સંપૂર્ણ સમર્પણ આધ્યાત્મિક દુનિયામાં પણ જવલ્લે જ જોવા મળે છે. કહેવાય છે કે ગુરુદક્ષિણામાં શિષ્ય દીક્ષા પ્રસંગે–ધન આપે છે. પૂ. માએ પણ પ્રતીકરૂપે પૂ. ગુરુદેવના ચરણે કંઇક ધર્યું હશે. પરંતુ સૌથી મોટી વાત તો એ છે કે પૂ. માએ પોતાનું મન જ ગુરુદેવને ધરીને પોતાના વ્યક્તિગત અસ્તિત્વને સમાપ્ત કરી દીધું છે. એટલે તો શરીર પૂ. માનું છે. પરંતુ તેના માધ્યમદ્વારા પૂ. ગુરુદેવ જ જાણે કાર્ય કરી રહેલ જણાય છે. એટલે જ પૂ. મા પોતાના શરીરદ્વારા થતાં હરકાર્યનો યશ પોતાના પ્રભુને જ આપતાં રહે છે. આવું વ્યક્તિગત અહંનું વિલીનીકરણ સૃષ્ટિમાં ભાગ્યે જ જોવા મળે છે.

સંત તત્ત્વને પુરુષ કે સ્ત્રીના ભેદ હોતા નથી. પ્રભુએ પૂ. માને સ્ત્રીશરીર આપ્યું છે. તો તેની વિશેષતા પણ ધરી છે. સહજ માતૃભાવ એ એમનું લક્ષણ છે અને નિર્વ્યાજ પ્રેમ તેના પરિણામે સગળા જીવો પ્રત્યે વહ્યા કરે છે. અરે, જીવો જ શા માટે? પેલા વનસ્પતિના છોડ પણ તેના આવા પ્રેમમય વ્યવહારથી વંચિત રહી નથી જતા.

આની પ્રતીતિ તા. ૧૩–૧૦–૨૦૦૦ ના રોજ થઇ. પૂ. માએ સ્વર્ગારોહણના પટાંગણ અને બીજે કેટલાક છોડ પાણીના અભાવે મૂરજાયેલા જોયા. પૂ. માનું સર્વાત્મભાવયુક્ત માતૃહૃદય આ સહી ના શક્યું. પૂ. માએ આવું થવા બદલ દુઃખ અનુભવ્યું. અને વ્યવસ્થાપકોને સૂચના આપી કે પાણીના અભાવે છોડ આમ



મૂરઝાઇ જાય તો નિસાસા નાંખે. આપણી પાસે પૈસા છે ને પૈસાથી પાણી ખરીદી લાવી શકીએ તેમ છીએ, તો પછી આવું શું કામ થાય?

લાગ્યું કે મૂરઝાતા કોઇ ફૂલઝાડના રોપાએ પૂ. માને પોતાના બૂઝાતા અસ્તિત્વ માટે સૂક્ષ્મરૂપે ફરિયાદ કરી હોય! એમનું માતૃત્વ માત્ર જીવસૃષ્ટિ પૂરતું મર્યાદિત થોડું છે?

મા સર્વેશ્વરી એ 'ખરે જ પ્રેમનો સાગર છે, પરંતુ ખારો સાગર નહિ, ક્ષીરસાગર–દૂધનો સાગર. પૂ. માના પ્રેમમાં ખારાશ સંભવે જ શી રીતે!

આવાં આ માને ચરણે અમે શું ધરીએ! અમારું મન જ આપનાં શ્રીચરણે અર્પિત થઇ જાય, અમારા અહંનો લોપ થઇ જાય, એવા આશીષ આપો. ને પ્રભુને પ્રાર્થીએ કે અમારાં આ માને તમે ખૂબ લાંબુ ને તંદુરસ્ત આયુષ્ય આપજો–જેથી તેઓ સદેહે વિચરણ કરતાં રહી અનેક ત્રિવિધતાપથી તપેલ જીવોને શાન્તિ અને સુખ ખૂબ લાંબા કાળ સુધી ધરતાં રહે.

પ્રભુ–પ્રેમ અને નિર્વ્યાજ સ્નેહના સાકાર સ્વરૂપ સમાં માના શ્રીચરણોમાં કોટિ કોટિ પ્રણામ.

**સર્વેશ્વરી ચરણરજ**

O

ભક્તોએ માણ્યા

# માનવતાના મીઠાં ઝરણા

## ૧. અર્પિતા જોષી

### પ્રસંગ : ૧

પૂ. મા કેટલી સહજ રીતે કોઇકને મદદ કરી દે છે તેનો પણ એક કૃપાપ્રસંગ જોવાનું સદ્‌ભાગ્ય સાંપડયું. પૂ. મા પાસે અહીં અંબાજીના એક વતની પૂ. મા પાસે આવેલા તે અંબાજીના સ્મશાનમાં કામ કરતા હતા પૂ. માએ પ્રથમ તો તેમને સ્મશાન ક્યાં છે? કઇ હાલતમાં છે? ત્યાં વહીવટ કઇ રીતે ચાલે છે? તે બધું જ પૂછ્યું. પછી પૂ. માએ ખર્ચ વિષે પુછ્યું. લાકડાં ક્યાંથી લાવો છો? કેટલાના લાવો છો? શું ભાવે વેચો? બધું જ એકદમ વ્યાવહારિક-પૂર્વક પૂછ્યું. પછી પૂ. મા સહજતાથી લખે છે, 'આવ્યા છો તો લેતા જાઓ. ૧૧૦૦ રૂા. લાકડાં પેટે. પેલા ભાઇએ કહ્યું કે તેઓ ફક્ત પૂ. માના દર્શન માટે જ આવ્યા છે.' તોપણ પૂ. માએ આગ્રહપૂર્વક તરત જ મને દોડાવીને પૈસા મંગાવી લીધા. (પૂ. મા ત્યારે કુટિયામાં બિરાજેલાં હતાં). અને દસ મિનિટની વાતચીતમાં પૂ. માએ ૧૧૦૦/– રૂા. આપી પણ દીધા. આવી રીતે સત્કર્મ કરવાની નાનામાં નાની તક પણ પૂ. મા ચૂકતાં નથી.

### પ્રસંગ : ૨

અહીં સ્વર્ગારોહણમાં પૂ. મા સાથે હું હતી ત્યારે પૂ. માએ નેહલને 'ગુરુકથામૃત' વાંચવા આપ્યું હોય છે. તેમાંથી તેણે જે વાંચ્યું તે બોલી જવા કહ્યું. તેમાં શ્રી કલ્યાણે લખેલા પૂ. માના



રાજીનામુ આપી દેવાનો પ્રસંગ કહ્યો. તો પૂ. મા રમૂજ કરતાં લખે 'તમે પણ તમારા પુરુષમિત્ર માટે આ રીતે બધું છોડી દેશો? ને સહેજ હસી અમારા સામે જુએ છે. પછી તરત જ લખે છે, 'પરંતુ એ છોડવામાં અને આ છોડવામાં આભ–જમીનનો ફેર છે. એમ કહી પૂ. મા થોડાં ગંભીર બની લખે છે.' આ ત્યાગ પાછળ પવિત્રતા રહેલી છે. જ્યારે બીજામાં અપવિત્રતા. આમાં સન્માન છે બીજામાં અપમાન છે. આ ગૌરવ લેવાની વાત છે, જ્યારે બીજામાં લાંછન લાગે. આ મુક્તિ માટેનો ત્યાગ છે જ્યારે બીજા-માં બંધન છે. આ રીતે ત્યાગના અતિ ગૂઢ રહસ્યને પૂ. માએ સહેલાઇથી સમજાવી દીધું.

### પ્રસંગ : ૩

૧૯૯૯ સ્વર્ગારોહણ અંબાજી.

પૂ. માએ મને પુસ્તકોને કવર ચઢાવવાનું કહ્યું હતું. પૂ. માની ચીવટનું ને ચોકસાઇનું દર્શન એ દરમ્યાન કર્યું. અમે જૂનાં પૂંઠાની ઉપર જ નવાં પૂઠાં ચઢાવી દીધાં. પૂ. માએ જ્યારે એ જોયું તો પૂ. માએ અમે ચઢાવેલાં નવાં ને જૂનાં બંને પૂઠાં કાઢીને ફરીથી નવાં પૂઠાં ચઢાવવાનો સંકેત આપતાં કહ્યું, 'કેમ? તમે જૂનાં અથવા મેલાં વસ્ત્રોની ઉપર નવાં વસ્ત્રો પહેરો છો? આમ કોઇ પણ કાર્યમાં પૂ. માની ચોકસાઇનાં દર્શન થાય છે, તેટલું જ નહિ, પણ પૂ. મા પુસ્તકોને જીવંત માને છે.

## જયાબેન પટેલ

### પ્રસંગ : ૧

મેં નોકરી પરથી રાજીનામુ આપ્યા પછી ભાગવત, રામાયણ, ગાયત્રી હવન, લઘુરુદ્રી, સત્યનારાયણની કથા, ત્રણ વાર ભજન,

નવચંડી, વિષ્ણુયાગ, હોમાત્મક લઘુરુદ્ર તથા ગોદાન વગેરે કરાવેલું. ત્યારબાદ પૂ. માને માસમામાં મળી ત્યારે પૂ. માને આ બધી ધાર્મિક વિધિની વાત કરી. તો પૂ. માએ સાચી દૃષ્ટિ આપી મારી આંખો ખોલી. પૂ. મા કહે, "આ બધા ધુમાડા યજ્ઞો બંધ કરો આના કરતાં જેને જરૂર છે તેને તે બધું આપો. અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ વગેરે સંસ્થાઓમાં જરૂરતમંદોને મદદ કરો. આ બધામાં કેટલા બધા પૈસાનો ધુમાડો થયો! એના કરતા કોઇ ગરીબોને ખવડાવ્યું હોત, તો કેવું સારું? અને તમે જાતે જ શિવમહિમ્ન, ગીતાપાઠ વગેરે કરો. એમાં પણ એટલું જ પુણ્ય મળશે. પૂ. માએ મને સામો પંથ બતાવ્યો.

### પ્રસંગ : ૨

૧૯૯૯ માં એક વાર હું જપ કરતી હતી, તે પૂ. માએ જોયું. મારી ગૌમુખી ઘણી જૂની થઇ ગઇ હતી. પૂ. મા કહે, "આ ગૌમુખી કેટલી જૂની થઇ ગઇ છે. બદલી નાંખો અને નવી ગૌમુખીમાં જપ કરો." મેં કહ્યું, "હરિદ્વારમાં પૂ. માએ પ્રસાદીમાં આપી હોવાથી નથી બદલતી." તો પૂ. મા કહે, "જૂનું થાય એટલે કાઢી નાંખવું પડે. શરીર પણ પ્રભુનું આપેલું છે. પૂર્ણ થતાં છોડી દેવું પડે છે ને? નાશવંત વસ્તુઓનો મોહ સારો નહીં" આમ પૂ. મા આપણી જડતાને કાઢે છે. અને ગૂઢ રહસ્ય સરળ રીતે સમજાવે છે કે એક દિવસ આ શરીરનો નાશ થવાનો છે તો આ વસ્તુનો મોહ શા માટે રાખવો?

### મધુરી ટેલર

### પ્રસંગ : ૧

હરિદ્વારમાં શ્રી રમેશભાઇની દુકાનનું ઉદ્‌ઘાટન હોય છે. આ



દુકાનમાં આજે સત્સંગ રાખ્યો હોય છે. પૂ. માની બેઠક પણ દુકાનમાં જ રાખી છે. પૂ. મા જ્યારે દુકાનમાં પધારે છે અને બેઠક પાસે આવે છે ત્યારે જુએ છે કે પૂ. માની બેઠક પ્રભુની બેઠક કરતા સહેજ ઊંચી હતી. તો પૂ. માએ તરત જ પ્રભુને ઊંચી બેઠક પર બેસાડયા અને પોતે નીચે બેઠકપર બેસી જાય છે. નમ્રતાનું ઉત્તમ ઉદાહરણ! પૂ. મા કેટલી બધી જાગૃતિપૂર્વક પ્રભુનું સન્માન કરે છે. પૂ. માએ પોતાના જીવનમાં પ્રભુનું સ્થાન હંમેશાં ઊંચુ ને સર્વોચ્ચ જ રાખ્યું છે.

### પ્રસંગ : ૨

હરિદ્વારમાં આર્યનિવાસની ગેલેરીમાં ઊભાં ઊભાં શ્રીમાએ એક દીવો જોયો. એટલે શ્રીમાએ મને કહ્યું, "કેવો સરસ તરતો લાગે છે" એટલે મેં કહ્યું, "અમે ગઇ કાલે ત્રણ–ચાર છોકરીઓએ શ્રી ગંગાજીના ઘાટ ઉપરથી ગંગાજીના પ્રવાહમાં દીવો તરતો મૂક્યો તો છેક આપણી નજર પહોંચે ત્યાં સુધી તે સળગતો રહ્યો હતો." શ્રી માએ કહ્યું, "સરસ, પણ આવા દીવા તો ઓલવાઇ જાય. આપણે તો એવો દીવો પ્રગટાવવો જોઇએ કે તે દીવો કોઇ દિવસ ઓલવાય નહીં. **પ્રેમ અને કર્તવ્યનો દીવો, સંસ્કારનો દીવો,** દિલમાં સાચો દીવો પ્રગટે તો કદી ઓલવાય નહીં."

દિલમાં દીવો કરો રે ભાઇ... ... એ પદ પૂ. માએ ગાઇ સંભળાવ્યું. વળી પૂ. માએ કહ્યું દિલમાં દીવો એવો કરો કે પછી એ દીવો સંસારના વાવાઝોડામાં પણ ઓલવાય નહીં. પૂ. મા આટલી નાની વાતમાં પણ જીવન જીવવાનો કેટલો સરસ સંદેશો પૂરો પાડે છે!

મંજુલાબેન ભાવસાર

પ્રસંગ : ૧

પૂ. મા સત્યપથમાં બે દિવસથી જાતે જ કપડાં ધોઇ નાંખે છે. પૂ. માને મેં કહ્યું, "મા, હું ધોઇ નાંખીશ. તમારે પગે તકલીફ છે. ઠંડીમાં ઊભા પગે બેસવાથી વધારે તકલીફ થાશે." પૂ. મા પાટીમાં લખે છે, પૂ. શ્રી વારંવાર કહેતા કે ધોવાનું ભૂલી ના જવાય તે માટે અમે ધોઈયે છીએ. પૂ. માની કેટલી સરળતા! નાનામાં નાની વાતમાં પણ શ્રી ગુરુદેવના આદર્શની વાતને યાદ કરે. કપડાં ધોઇ સૂકવી પણ દીધાં અને સૂકાયા પછી ગડી પણ કરી દીધી. તે જ રીતે પૂ. માએ પોતાનો રૂમ પણ જાતે જ વ્યવસ્થિત કરી દીધો. તકિયા અને ગાદીને કવર ચઢાવ્યાં અને યોગ્ય જગ્યાએ મૂક્યા. ટેબલ અને પલંગ પણ પોતાની રીતે સરખો કરી દીધો. પૂ. માને જાતે કામ કર્યાનો નથી અહંકાર કે નથી દુઃખ. સઘળું કામ પૂ. મા સહજતાથી કરતાં હતાં. સંતની સરળતા કેવી હોય તેનું દર્શન પૂ. મા આપણને કરાવે છે.

પ્રસંગ : ૨

સત્યપથના બારણામાં ટપાલી ટપાલ નાંખે છે. પૂ. મા ટપાલીને જુએ છે અને ટપાલબોક્ષમાં ટપાલ નાંખવાની સૂચના આપવાનું કહે છે. ટપાલીને ઊભો રાખી સંતરાનો પ્રસાદ આપે છે અને તેને કહેવામાં આવે છે કે આ મંદિર છે ને તેને દર્શન માટે અંદર બોલાવવામાં આવે છે. એક સામાન્ય માણસ સાથે પણ પૂ. માનો કેવો માનવતાભર્યો સુંદર વ્યવહાર!



# અનન્ય પ્રેમીભક્ત સંત તુલસીદાસ

પ્રા. બિપિન પટેલ

જેમાં ભક્ત પોતાના ભગવાનથી અવિભક્ત રહે છે તેવું ભાવજગત એટલે ભક્તિ! ભગવાન સાથે ચોક્કસ સંબંધથી બંધાય-ને ભગવાનના નામ, રૂપ, લીલા, ધામમાં લીન રહે તે ભક્ત!

ભાવજગતમાં સદૈવ રત રહેતા દક્ષિણ ભારતના એવા જ એક અનન્ય પ્રેમીભક્ત એટલે ભક્ત તુલસીદાસ. હતા તો તેઓ રાજપૂત, પરંતુ ભગવાન શ્રીરામના અનન્ય પ્રેમી. ઊઠતાં–બેસતાં, હાલતાં–ચાલતાં...બસ હરહંમેશ તેઓ પોતાના આરાધ્ય સાથે મનથી સંકળાયેલા રહે! ચિત્તમાં તેમના એકમાત્ર ભગવાન શ્રી-રામ અને મનમાં શ્રીરામનું જ મનન!

પ્રેમમાં અનન્યતા હોવી એ તો ભક્તિનું સર્વોત્કૃષ્ટ લક્ષણ! અને...? ભક્ત તુલસીદાસનું ચિત્ત એટલે સ્થૂળ સંસાર નહિ પરંતુ પરમાત્માની દિવ્ય લીલાઓનું ચિંતવન! એટલે જ તેમની ભક્તિ એ અનન્ય પ્રેમનું અનોખું ઉદાહરણ.

દક્ષિણ ભારતના સમુદ્રકિનારે વિજયાપટ્ટણ નગરમાં તેમનો નિવાસ. પરમાત્મા પ્રદત્ત, હૃષ્ટપુષ્ટ શરીર, તેજસ્વી બુદ્ધિ અને પરમાત્મામાં પરમ પ્રીતિ...રૂપી ત્રિવેણી સંગમને કારણે આજુ-બાજુના વિસ્તારમાં તેમનું નામ વિશેષ જાણીતું બની ચૂક્યું હતું. ગૃહસ્થી હોવા છતાં સંસારપ્રત્યે તેમને કોઇ જ આસક્તિ ન હતી. વિષયભોગો તો તેમનાથી દૂર જ રહેતા! સાધુસંતોની સેવા એ તેમનું આગવું લક્ષણ હતું! ભગવાન શ્રીરામનું ચરિત્ર વાંચવું,

તેનું શ્રવણ કરવું, મનન કરવું અને પ્રત્યેક ક્ષણે પોતાના આરાધ્ય ભગવાન શ્રીરામ સાથે માનસિક રીતે સંલગ્ન રહેવું એ તેમનો નિત્યક્રમ!

ભગવાનની કથાનું જ્યાં જ્યાં પણ આયોજન થાય ત્યાં તુલસીદાસ અવશ્ય પહોંચી જ જાય. તેમની ઉપસ્થિતિ ત્યાં હોય જ. શ્રી રામકથા સાંભળતી વખતે તેમાં તેઓ એટલા તો ઓતપ્રોત થઇ જતા કે કથાપ્રસંગની અસર તેમના સમગ્ર શરીરમાં વર્તાવા માંડતી; ક્યારેક હર્ષાશ્રુ–તો ક્યારેક વિષાદ... તો ક્યારેક ક્રોધથી તેમનું શરીર ધ્રૂજવા લાગતું! વિહ્વળતા અને વિરહવેદનાથી પીડાતું તેમનું ચિત્ત અને મન.... ચોધાર આંસુરૂપે ક્રંદન કરવા લાગતું!

એકવાર વિજયાપટ્ટણ નગરમાં એક રામાયણકથાનું આયોજન થયું. કથાકાર પણ પૂરા ભાવથી પ્રત્યેક પ્રસંગોદ્વારા શ્રોતાજનને રામાયણ સાથે એકાકાર કરી રહ્યા હતા. તેમની વાણી, તેમનો ભાવ, તેમની રજૂઆત પ્રત્યેક પ્રસંગને નજર સમક્ષ આબેહૂબ રજૂ કરી દેતી હતી. તુલસીદાસ તો બસ ભાવજગતમાં તરબોળ બની પોતાના આરાધ્ય સાથેની ઐક્યતાનો અનુભવ કરતા રહ્યા, કદીક રડતા રહ્યા તો કદીક હસતા રહ્યા!

શ્રી સીતાહરણનો પ્રસંગ શરૂ થયો ને સૌ શ્રોતાઓ બેચેન બન્યાં! તુલસીદાસની તો દશા જ બગડી ગઇ! ભગવાન શ્રીરામના વનવાસની કથા સાંભળીને તો તેઓ બેશુદ્ધ બની ગયા; મારા રામ...રાજકુમાર રામ! સુકોમળ રામ! રાજમહેલ છોડીને જંગલમાં ભટકવાનું–કેમ રહી શકશે? જંગલોમાં ભટકી ભટકીને કેવી કાયા થઇ જશે તેમની? શું ખાશે? શું પીશે? અરેરે! પ્રભુ! તમારો વનવાસ?....રડતાં રડતાં ભૂમિપર આળોટતાં આળોટતાં



તેઓ બેશુદ્ધ બની ગયા! રામાયણ કથા આગળ ચાલતી રહી. બીજે દિવસે સીતાહરણનો પ્રસંગ શરૂ થયો. રાવણે સંન્યાસીના રૂપમાં સીતાનું હરણ કર્યું. સીતાજી રડવા લાગ્યાં! તુલસીદાસ આ પ્રસંગમાં એવા તો લીન બની ગયા કે તેમને એવો જ અનુભવ થયો કે દુષ્ટ રાવણ અત્યારે જ સીતાજીનું અપહરણ કરીને બળાત્કારે તેમને ઊપાડી લઇ જઇ રહ્યો છે. તુલસીદાસનું રાજપૂત લોહી ઉકળી ઊઠયું! ક્રોધના આવેશમાં તેમનું શરીર કંપવા લાગ્યું–આંખોમાં રક્ત ધસી આવ્યું; 'અરે! ઓ દુષ્ટ રાવણ તારી આ હિંમત? મારી નજરો સમક્ષ તું માતાજીનું અપહરણ કરી રહ્યો છે? પાપી–દુષ્ટ–ઊભો રહે.. હું આવું છું–તારા શરીરના ટૂકડે ટૂકડા કરું છું! ને ઊછળીને ઊભા થઇને દોડવા જ માંડયું! ન જાણે ક્યાંથી આટલું બળ તેમનામાં આવી ગયું! ઘરે પહોંચીને શરીરપર અસ્ત્ર–શસ્ત્ર ધારણ કરી ઘોડાપર સવાર થઇને દોડયા રાવણની પાછળ પેલા સમુદ્ર તરફ! આ બધું એટલી ઝડપથી બની ગયું કે જેની કોઇને કલ્પના પણ ન હતી. કોઇ કંઇ કરે–તેમને અટકાવે તે પહેલાં તો તેમનો વેગવાન અશ્વ ક્યાંય દૂર પહોંચી ગયો!

તુલસીદાસના મનપર એક જ ભૂત સવાર હતું–રાવણ હત્યાનું અને માતાજીને બચાવવાનું! ન તો તેમને પોતાના શરીરનું ભાન હતું, ન માર્ગનું ભાન હતું, ન સમયનું!

કરુણાસાગર ભગવાન હવે રહી ના શક્યા! 'ક્રોધના આવેશમાં મારો ભક્ત આમ જ ઘોડો દોડવતો રહેશે તો સમુદ્રમાં તેનું શું થશે? ભાન ભૂલેલો મારો ભક્ત અવશ્ય મોતના શરણે થશે. સીતાજીના બચાવ સિવાય તેને કંઇ જ સૂઝતું નથી.' ભગવાને ધર્યું એક વૃદ્ધનું રૂપ. પહોંચી ગયા દરિયાકિનારે. રોક્યા તુલસીદાસને!

'મહારાજ! તમે મારા માર્ગમાંથી હટી જાઓ. એક ક્ષણનો પણ વિલંબ થશે તો અર્થનો અનર્થ થશે. ને પછી હું મારી જાતને ક્યારેય માફ નહિ કરી શકું!' તુલસીદાસે કહ્યું.

'અરે! ઓ વીર રજપૂત! યુદ્ધનો શણગાર સજીને આ સમુદ્ર તરફ ક્યાં દોડો છો?'

'તમે મને રોકો નહિ! પેલો દુષ્ટ રાક્ષસ રાવણ માતા સીતાજીનું હરણ કરીને ભાગ્યો છે. હું હમણાં જ તેને પકડીને તેના શરીરના ટૂકડે ટૂકડા કરીને મા જાનકીજીને લઇને પાછો ફરું છું. મને મારા માર્ગે જવા દો...'

વૃદ્ધ બ્રાહ્મણે (!) અચાનક અટ્ટહાસ્ય કર્યું.

'ભૂદેવ! કેમ હસો છો?'

'અરે! ઓ વીર રાજપૂત! ધન્ય છે તને! પરંતુ રાક્ષસ રાવણ તો ક્યારનો મરાય ચૂક્યો છે. તારા ભગવાન શ્રીરામે જ તેને મારીને સીતાજીને તેઓ પોતાની સાથે લઇ ગયા...તેને તો...વર્ષો થઇ ગયાં!'

'મહારાજ! મને માફ કરો. પણ તમારી વાત હું ત્યારે જ માનું કે જ્યારે હું મારા ભગવાન શ્રીરામના માતા શ્રી જાનકીજી અને ભ્રાતા શ્રી લક્ષ્મણજીસહિત સાક્ષાત્ દર્શન કરું!'

ભક્તના અનન્ય પ્રેમને વશ ભગવાન સાક્ષાત્ પ્રકટ થયા—મા જાનકીજી અને લક્ષ્મણજીસહિત!

તુલસીદાસ તેમના શ્રીચરણોમાં આળોટતા રહ્યા; તેમની આંખોમાંથી અશ્રુધારા વહેતી રહી, વહેતી રહી! સમય જાણે થંભી ગયો. માતા જાનકીએ મુખ મલકાવીને કહ્યું, 'ઊઠો! વત્સ!'



'હું જ્યારે પણ ઇચ્છું ત્યારે આપના દર્શન કરું એવું વરદાન મને આપો...' : તુલસીદાસે કહ્યું.

'તથાસ્તુ!' કહીને ભગવાન અંતર્ધાન થઇ ગયા.

તુલસીદાસ તો...બસ દિવાના બની ગયા. છૂટી ગયો સંસાર...! વસી ગયો શ્રીભગવદ્ દરબાર હૈયે!

સમય પસાર થતો ગયો. એકવાર તુલસીદાસને તીર્થાટનની ઇચ્છા થઇ. નીકળી પડયા તેઓ. અંતઃકરણમાં આરાધ્યની છબી અને મુખમાં આરાધ્યનું નામ! મનમાં આરાધ્યનું મનન અને આંખોમાં આરાધ્યનું દર્શન! અનેક તીર્થોની યાત્રા કરતા કરતા તેઓ પહોંચ્યા વૃંદાવન! વૃંદાવનની પ્રેમભૂમિ પર પગ મૂકતાં જ અદ્વિતીય અલૌકિક આનંદની અનુભૂતિ કરી તેમણે.

મહંત ગોપાળદાસજીના સ્થાને અહીં તેમણે નિવાસ કર્યો. મહંત ગોપાળદાસની સંતસેવા અને અતિથિસેવા બેનમૂન હતી. પરંતુ શ્યામસુંદર શ્રીકૃષ્ણના ભક્ત હોવાને કારણે તેમનો એવો આગ્રહ રહેતો કે આશ્રમનિવાસી અતિથિ 'રાધાકૃષ્ણ'નું ઉચ્ચારણ કરે. એટલે તેમની સાથે હસીમજાક કરતા તુલસીદાસ...સીતારામનો દીર્ઘ ઉચ્ચાર વારંવાર કરતા.

'અરે મહંતજી! મારો રામ અને તમારો શ્યામ શું અલગ અલગ છે? અરે! જે રામ છે તે જ શ્યામ છે અને જે શ્યામ છે તે જ રામ છે. તમારા શ્રી મંદિરમાં હું તો રાધાકૃષ્ણને સ્થાને સીતારામ જ નિહાળું છું.'

'આ બધી વાતો અયોધ્યામાં કરજો. આ તો વૃંદાવન છે! અને અહીં તો સર્વત્ર કેવળ રાધાકૃષ્ણ જ છે...! હા! તમે મને આ શ્રીમંદિરમાં રાધાકૃષ્ણને સ્થાને સીતારામના દર્શન કરાવો તો કંઇ

વાત બને. બાકી તો...?' : મહંત ગોપાળદાસજી મર્માળુ હસ્યા.

તુલસીદાસે હસીને કહ્યું, 'ચાલો! મારી સાથે! તમારા જ શ્રીમંદિરમાં સીતારામના દર્શન કરાવું.'

ભાવવિભોર બંને ભક્તો પહોંચી ગયા શ્રીમંદિરમાં!

ઊભા રહ્યા બંને–ભગવાનના શ્રીવિગ્રહસમક્ષ!

'મારા પ્રભુ! તમે તો ભક્તવત્સલ છો. મારી લાજ તમારે હાથે. મારે મન તો તમે જ મારા રામ! ને તમે જ મારા શ્યામ! દર્શન દો એવાં કે...હાથમાં બંસરી નહિ પણ હોય ધનુષ્ય બાણ...ને સાથમાં રાધાજી નહિ પણ હોય...મા ભગવતી શ્રી સીતાજી!' આંખો બંધ કરીને એકાગ્રચિત્તે પરમાત્માનું ધ્યાન ધરતાં વિહ્વળચિત્તે પુકારતા રહ્યા તુલસીદાસ...!

ને એક પછી એક એમ ક્ષણ પસાર થતી રહી ને....!

'જય જય શ્રી સીતારામ...' રાધાકૃષ્ણની મૂર્તિને સીતા-રામજીમાં રૂપાંતરિત થયેલી જોઇને અચાનક ઉચ્ચસ્વરે ભગવાન શ્રીરામનો જયઘોષ કરતાં મહંત ગોપાળદાસજીએ તુલસીદાસને બાથમાં લઇ લીધા. તેમને હૈયે આનંદ સમાતો ન હતો.

ભગવાનની અવર્ણનીય લીલાનો અનુભવ કરતા બંને ભક્તો એકબીજાને ભેટીને ચોધાર આંસુએ રડતા રહ્યા–ક્યાંય સુધી.

મહંત ગોપાળદાસજીના પ્રેમાગ્રહથી કેટલોક વખત ત્યાં રોકાયા પછી એક દિવસ અચાનક જ તુલસીદાસે વૃંદાવન છોડયું! માન–સન્માન અને પ્રતિષ્ઠાથી દૂર ભાગવા માટે જ તેમણે વૃંદાવન છોડયું. મહંત ગોપાળદાસજી અને અન્ય પ્રેમીજનોએ આજુબાજુના વિસ્તારમાં ખૂબ શોધ કરી પરંતુ તે વ્યર્થ નીવડી.



# પૂ.માની નિશ્રામાં સર્વરોગ નિદાનયજ્ઞ

ડો. બી. જે. જાગાણી

તા. ૮–૧૦–૨૦૦૦ ના રોજ સવારના ૯–૦૦ થી ૨–૩૦ કલાક દરમિયાન 'સ્વર્ગારોહણ' અંબાજી ખાતે સર્વરોગ નિદાન-યજ્ઞ પૂ. માની નિશ્રામાં અને પૂ. ગુરુદેવ પ્રભુ યોગેશ્વરજીની પ્રેરણાથી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે યોજાઇ ગયો. આ નિદાનયજ્ઞમાં વિવિધ રોગના કુલ ૧૬૦૦ દર્દીઓને દવા, કપડાં, પ્રસાદ અને જરૂરિયાતવાળાને બેતાળાના ચશ્માનું વિતરણ વિના-મૂલ્યે કરવામાં આવ્યું. પાલનપુર, અમદાવાદ, સુરત, ઝણોર અને ભાવનગર સ્થિત ડોક્ટરોની સેવાઓ લેવામાં આવી. આ ડોક્ટરો-એ પૂ. માની કૃપાથી દર્દીનારાયણની સેવા સતત કુલ ૩ કલાક સુધી કરી. વણથાક્યે, કોઇ કચવાટ વિના, કોઇ પણ પ્રકારની આર્થિક કે ભૌતિક અપેક્ષા વિના આ ડોક્ટરોએ પોતાના વૈદ્યકીય અને તબીબી જ્ઞાનની લહાણી છૂટા હાથે કરી અને દર્દીઓનું નિદાન કરી દવા લખી આપી. જે જે ડોક્ટરોએ સેવાઓ આપી તે તે ડોક્ટરોનાં નામ આ મુજબ છે.

નાક, કાન, ગળાના નિષ્ણાત ડો. પ્રકાશભાઇ શાહ, ડો. અમીતભાઇ અખાણી, ચામડીના રોગના નિષ્ણાત ડો. જીતેન્દ્રભાઇ મોદી, દંતરોગ નિષ્ણાત ડો. એ. કે. પટેલ અને ડો. મેનાબેન જાવિયા, આંખના રોગના નિષ્ણાત ડો. હસમુખભાઇ જોશી, જન-રલ સર્જન ડો. મનસુખભાઇ પટેલ, ડો. પંકજ સત્યપાલ, જનરલ ફિઝિશ્યન ડો. અતુલભાઇ ત્રિવેદી, ડો. દિનાબેન ઠાકર, ડો.

મનીષભાઇ પટેલ, ડો. પિયૂષભાઇ જોશી, બાળરોગ નિષ્ણાત ડો. કુંદનબેન ગોહિલ, સ્ત્રીરોગ નિષ્ણાત ડો. કે. જી. ટેલર વગેરેએ નિદાન કરીને દર્દીઓને દવા લખી આપી હતી. શ્રી એલ. એસ. પટેલ, શ્રી એ. ડી. પટેલ તથા શ્રી રણજીતસિંહ એમ. પરમારે આંખના નંબર કાઢીને ચશ્મા આપવાની ભલામણ કરી.

નિદાનયજ્ઞની કામગીરી સરસ રીતે પૂર્ણ થાય તે માટે સર્વ-મંગલ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રાજુભાઇ જાનીએ ડો. જાગાણી અને બીજાઓની મદદ લઇ, વિવિધ કામને ધ્યાનમાં રાખીને સ્વર્ગારોહણ પર ખાસ સેવા આપવા પધારેલ સાધક ભાઇ–બહેનોની ટૂકડીઓ પાડી અને દરેકને જવાબદારી સોંપી. આના પરિણામે સમગ્ર કાર્ય ખૂબ સરસ રીતે થયું.

પૂ. માએ પોતાની જાતે સામે ચાલીને દરેક ડોક્ટર, સ્વયં-સેવક અને દર્દીનારાયણને પાણી આપવાની સેવા સ્વીકારી. દરેક જીવોને ભૌતિક રીતે જલ પીરસીને તૃષા તૃપ્ત કરી અને અભિમુખ જીવોને દર્શન અને પાણી આપીને પોતાની લીલાના આગવાં દર્શન કરાવ્યાં.

રજીસ્ટ્રેશન, સરભરા, ભોજન, દવા વિતરણ, દર્દીઓને સહાય, ચશ્મા વિતરણ, કપડાં વિતરણ, જલ સેવા, પ્રસાદ વિતરણ અને વ્યવસ્થાપન ટૂકડીઓમાં અનુભવી સ્વયંસેવકોને જવાબદારી સોંપી અને સમગ્ર કાર્યને પૂજાકર્મનો દરજ્જો આપ્યો.

સમગ્ર નિદાનયજ્ઞનો ખર્ચ શ્રી નીરુબેન મિસ્ત્રી તથા જગુ-ભાઇ મિસ્ત્રીએ માતબર આર્થિક સહાય આપીને ઉપાડયો. બીજા વર્ષના નિદાનયજ્ઞ માટે પણ માતબર આર્થિક સહાય આપવા શ્રી ગોવિંદભાઇ ભક્તે જાહેરાત કરી અને પૂ. માએ અનુમોદન આપ્યું.

નિદાનયજ્ઞની શરૂઆત શ્રી નીરુબેન મિસ્ત્રીના વરદ હસ્તે દીપ



પ્રગટાવીને કરવામાં આવી અને નિદાનયજ્ઞના અંતે ડોક્ટરોને સ્મૃતિ–ભેટ અર્પણ પૂ. માના હસ્તે તેમ જ નીરુબેનના હસ્તે કરવામાં આવી.

વસ્ત્રદાન, પ્રસાદ, ચશ્મા અને મફત દવાને કારણે તેમ જ બે વર્ષથી થતાં આવા નિદાનયજ્ઞની સુવાસને કારણે દર્દીઓની ભીડ ઘણી રહી પણ પૂ. મા–પ્રભુની દિવ્યકૃપાથી નિદાનયજ્ઞ નિર્વિઘ્ને પૂર્ણ થયો. નિદાનયજ્ઞના સમયગાળા દરમિયાન સૂર્યનારાયણે પણ વાદળની આડે છૂપાઇને છાંયડો આપી શીતળતા ધરી અને નિદાનયજ્ઞ પૂર્ણ થયો કે તરત જ વરસાદના અમી છાંટણાં થોડા પવન સાથે થયાં. એ પણ પૂ. માની અહેતુકી કૃપા જ ગણાયને!

પોતાના ઉદ્ઘાટન વક્તવ્યમાં શ્રી નીરુબેન મિસ્ત્રીએ કહ્યું કે કેલગરી શિબિરમાં ૧૯૯૯ ના વર્ષ દરમ્યાન અંબાજી ખાતે કરવામાં આવેલ નિદાનયજ્ઞની વિડિયો ફિલ્મ તેઓએ જોઇ. તે જોઇ તેઓ પ્રસન્ન અને પ્રભાવિત થયાં. તેમાંથી તેઓએ પ્રેરણા લીધી અને તેઓનાં સ્વર્ગવાસી સાસુજીની સ્મૃતિમાં આ સત્કર્મ માટે દાન આપવાની ઇચ્છા પૂ. મા સમક્ષ પ્રદર્શિત કરી. આ ઉપરાંત અંબાજીમાં છાત્રાલયમાં રહી ભણતી આદિવાસીબેનોને તેમના તરફથી એક એક ડ્રેસ મફત મળે, તે માટેનું દાન પણ તેમના તરફથી આપવામાં આવ્યું. આ માટેનો નાનો સમારંભ પણ નિદાનયજ્ઞની પૂર્ણાહુતિ પછી તુરત જ–પૂ. માની ઉપસ્થિતિમાં યોજાયો. તેમાંથી નીરૂબેનના હસ્તે ડ્રેસોનું વિતરણ કરવામાં આવ્યું.

આ ઉપરાંત જનકલ્યાણ ટ્રસ્ટ ભાવનગરના ટ્રસ્ટી શ્રી રમેશ-ભાઇ પરીખે દવા વિતરણ વિભાગના મુખ્ય સંચાલક તરીકે સેવાઓ ઉપરાંત કિંમતી દવાઓની સહાય પણ કરી. પેથોલોજીસ્ટ શ્રી અમીબેન ત્રિવેદી અને શ્રી સીમાબેન શાહે પણ આ મહત્ત્વના

કાર્યમાં સારું એવું પ્રદાન કરી, સેવાભાર હળવો કર્યો.

યુનીસેફ તરફથી દૂધનો ૫૦૦ ગ્રામ પાવડર પણ દરેક દર્દીને ફ્રી આપવામાં આવ્યો. એક અન્ય ટ્રસ્ટ તરફથી દર્દીઓને પરદેશથી આયાત કરેલ જૂનાં વસ્ત્રોની વહેંચણી પણ કરવામાં આવી. વસ્ત્રોની સતત તાણ અનુભવતા આ ગ્રામીણ ગરીબોને તે શરદીની સીઝનમાં ખૂબ આશીર્વાદરૂપ ઠરશે.

પ્રસાદમાં દરેક દર્દીને ગાંઠિયા તેમ જ બુંદીનાં પેકેટો નાસ્તા માટે આપવાની સરસ વ્યવસ્થા પણ ટ્રસ્ટ તરફથી ગોઠવવામાં આવી હતી.

અંબાજી આસપાસના ગરીબ આદિવાસી વિસ્તારના રહીશો માટે આ કેમ્પ એટલા માટે આશીર્વાદરૂપ સાબિત થાય કારણ કે નાની મોટી બિમારીઓ માટે આ લોકો પૈસાના અભાવે નિષ્ણાત દાક્તરો પાસે કદી જાય નહિ અને નિવારી શકાય તેવાં શારીરિક કષ્ટો ભોગવતા રહે. સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ અને પૂ. માની કોઈ પણ પ્રકારની અપેક્ષારહિત આ સેવા લોકોની સારી એવી સરાહના પામી છે.

**અધ્યાત્મની સેવાની કદર**

આ ઉપરાંત અધ્યાત્મમાં છેલ્લાં ૧૫ વર્ષથી એકધારી સેવા આપતા શ્રી ઉપેન્દ્રભાઈ ઝિંઝુવાડિયાને—તેઓની ત્રણ દીકરીઓના શિક્ષણ વગેરે માટે પરદેશના શ્રી હિંમતભાઈ અમીન તરપથી પ્રશંસનીય સહાય કરવામાં આવી. તે બદલે તે ભાઈનો પણ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટે આભાર માન્યો.

આ સહાયનો સ્વીકાર કરતાં શ્રી ઉપેન્દ્રભાઈએ ખૂબ લાગણી-પૂર્વક ભાઈ શ્રી અમીન તેમ જ પૂ. માનો ખાસ આભાર માન્યો.



# Meeting with Maa Sarveshwari

**Usha Desai**

The last shibir I attended. Maa asked me to talk about her accident and her lab work. This time she asked me to pick my topic. Sharing one's experience with other devotees of Maa is something we can give back to Maa. Maa never asks anything of us, she is always giving, never taking anything in return. So this time I decided to talk about myself and my experiences with Maa.

I will give a brief history of when I first met Maa in 1981. My cousin Nivedita and her friends were going to meet Maa at KAPURA. She told me that Sarojmasi was now Sarveshwari Maa. She said when we go to meet Maa at satsang I had to do Shastang pranam. I grew up in south Africa and the USA. So I did not know what Shastang pranam but I was too proud to ask. I thought I would just watch Niruben and her friends and do it, if it felt right, When we went to Sardhamasi's house I watched Niruben and

her friends fo the shastang pranam by actually laying straight out on the floor. And I thowght "Oh God! what do I do now?" when I saw Maa, all I could see was my Sarojmasi not some Maa.

Maa must have known how uncomfortable I felt because she came over to me and gave me such a big hwg that she lifted me right of the ground Compare to Maa I am five feet and six inches tall and I weighed at least 125 lbs at that time, but she lifted me right off the ground. Then with her arms around me she led me to a swing and sat down with me and started swinging. Maa looked at me and said "બધાને જોઈને આપણે ના ચાલવું. જે દિલને યોગ્ય લાગે તે જ કરવું." With that one statement Maa put me at ease, she knew how uncomfortable I was feeling. Knowing Maa as I do now realize that she always is very considerate of how the others feel and she will go out of her way to make you comfortable.

My second incidence with Maa was a few days later when Maa saw that I was carring a white nylon bag that she really liked. she asked me where I got the bag from. Nivuben



said Maa we got it in surat. We will buy one for you when we go to surat in a couple of days. However by the afternoon Nivuben could not wait till we went to Surat, so she took my bag and gave it to Maa. Maa exchanged the bag and sent her old bag with Nivuben and she told me to keep the purse because it is a prasadi and still have it today. I leant valuable lesson that day that Maa never takes anything without paying for it.

Over the next few years I saw Maa about three or four times a year when she visited the U.S.A. Eventhough Maa plays such an important role in the life of my family also.

Sometimes in 1997 I had a dream about Maa. In my dream Maa was floating above me all I could see was Maa from the waist up. I was laying down. There was a bright light like a halo surrounding Maa and she was smiling at me and asked, ઉષાબેન, માને ક્યારે મળવા આવશે?" In my dream I told, "Maa give me a chance and a reason to come and see you."

A couple of days later I was visiting my mom's house and for some reason Maa's name came up in the conversation. This is

not uncommon because my mom's family are all very big devotees of Maa. My mom looked at me and said you have missed many golden opportunities to see and know Maa. Do you know that there are so many people who will never get a chance to see or hear a saint speak in their lifetime? you are missing so much. I looked at mom and said, Maa is going to come to America, she has to come for me and I told my mom about my dream.

When I prayed to God before he was just God but without realizing it. I was now saying my prayers to Maa. My family has played a big role in my sons'lives as well. From my relatives they learned 'આવની' and doing JAP and MALA When they took them to school in the morning with their children and my son Vikas is also doing pranam and I am proud to say that I learned first MALA and prannam from my son. I give credit to Maa because I know that she brought all these people in my life to bring me closer to her.

In May 1999 Maa was at L.A I thought if I could be in the same house surely I will feel some of her Vibration and energy while I was



looking at the pictures of Maa's accident I was amaged that anyone had survived the accident. The car was a tatal wreck. The only one peroon was hurt in the car is even hard to believe.

When I went upstairs I did my pranam I went and sat in the back of the room. Maa was speaking with each person in the room when she came to me she wrote in her slate "ઉષા" તું ક્યાં ખોવાય ગઈ હતી?" I wondered the same thing. Maa then asked about My work and two sons. I was really impressed with her memory and I realige that Maa never farget a face or name. It is permanenty recorded in her brain. Maa must have known that I fett a little uneasy because she took time to make me feel at ease. This is another one qualities that I noticed about Maa, she always goes out of her way to make you feel worthy enough of her time.

Her relative asked Maa how her feet felt after her water massage yesterday? Maa replied that it felt better but it still hurts without consciously thinking about it. I blurted out

"Maa do you want me to massage your feet?" Maa looked at me and laughed and wrote you know how to massage feet? I was shocked that I had courage lo talk to Maa. she looked at me and said not today, come tomorrow afternoon. I was so excited. I could not believe Maa actually said yes.

(To be Continued.)


જેઓ એક ઈશ્વર સાથે જ સાચી રીતે અનુસંધાન્નિત છે, તેઓ જ ભયમુક્ત છે. બાકી સહુને મૃત્યુનો ભય સતાવે છે.

યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ-૩૬૦૦૦૨



આધ્યાત્મિક જીવન જ સાચું જીવન છે. બાકી બધું જીવન ભ્રમણા છે. જે જીવન જીરવાથી તમને કે બીજાઓને કોઈ ફાયદો ના થવાનો હોય એવું જીવન જીવવાનો કોઈ અર્થ નથી.

યોગેશ્વરજી

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

" નિરાંત "
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩
મોબાઈલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E-mail :
hpathakji@yahoo.Com

# મા શ્રી સર્વેશ્વરીની મુલાકાત

આગળના ઉષા દેસાઈના અંગ્રેજી લેખનો અનુવાદ : તંત્રી

મેં ગઈ શિબિરમાં (કેલગરીની) હાજરી આપેલી. ત્યારે પૂ. માએ તેઓના અકસ્માત્ પ્રસંગે લેબોરેટરીના રિપોર્ટ હતા તે વિષે વાત કરવા કહેલું. આ વખતે પૂ. માએ મને મારા વિષે વાત કરવા કહ્યું. પોતાના અનુભવોનું બીજા માના ભક્તો સાથે આદાન પ્રદાન કરવું, તે પૂ. માને કંઈક આપવા બરાબર છે. પૂ. મા આપણી પાસે કદી કશું માગતાં નથી. તેઓ હંમેશાં આપતાં રહે છે. બદલામાં કદી કશું લેતાં નથી. તેથી આ વખતે મેં મારા વિષે અને પૂ. મા સાથેના મારા અનુભવો અંગે વાત કરવા નક્કી કર્યું.

૧૯૮૧ માં પૂ. માને હું પહેલીવાર ક્યારે મળી તેની ટૂંકમાં વાત કરીશ. મારી ભત્રીજી નિવેદિતા અને તેના મિત્રો પૂ. માને કપૂરા મળવા જવાનાં હતાં. તેઓએ મને કહ્યું કે પહેલાં આપણે જેમને સરોજમાસી કહેતાં હતાં તેઓ હવે સર્વેશ્વરી મા છે. વળી તેણે ઉમેર્યું જ્યારે આપણે તેમને મળવા જઈએ ત્યારે તેઓને સાષ્ટાંગ પ્રણામ કરવાના. મારો ઉછેર દક્ષિણ આફ્રિકામાં અને અમેરિકામાં થયેલો એટલે સાષ્ટાંગ પ્રણામ શું કહેવાય તે મને ખબર નહિપણ તે વિષે મેં મારા અહંને લઈને ન પૂછ્યું. મેં વિચાર્યું કે નિવુબેન અને એના મિત્રો જે કરશે તે હું જોઈને, પછી મને ઠીક લાગશે તો કરીશ. અમે જ્યારે શ્રદ્ધા માસીને ત્યાં ગયાં. મેં જોયું કે નિવુબેન અને તેના મિત્રોએ જમીનપર લાંબા થઈને પૂ. માને સાષ્ટાંગ પ્રણામ કર્યાં; આથી મેં વિચાર્યું, 'ઓ પ્રભુ! અરે મારે હવે શું કરવું? મેં માને જોયાં. પરંતુ તેઓ તો પહેલાં જેવાં મારા સરોજમાસી છે. ત્યાં મને કોઈ મા જણાયાં નહિ.'

પૂ. મા તે જાણી ગયાં હશે કે આ પ્રમાણે કરવું એ મારી માટે



કેટલું અગવડભર્યું છે તેથી તેઓ મારી પાસે આવ્યાં અને વ્હાલ-ભર્યો ધબ્બો મારી જમીનપરથી ઊંચકી લીધી. માની સરખા-મણીમાં હું પાંચ ફૂટ છ ઇંચ ઊંચી અને મારું વજન કમસેકમ ૧૨૫ પાઉન્ડ તે વખત હતું—આમ છતાં તેઓએ મને જમીન પરથી ઊંચકી અને મારો હાથ પકડીને મને ઝૂલા તરફ દોરી ગયાં અને મારી સાથે બેસી ગયાં. પછી હિંચકે ઝૂલતાં મારી સામે જોઈ માએ કહ્યું, 'બધાંને જોઈને આપણે ના ચાલવું, જે આપણને યોગ્ય લાગે તે જ કરવું.' પૂ. માના આ એક જ વિધાને મને હળવી કરી દીધી—તેઓ જાણી ગયેલાં કે આમ કરવું એ મારે માટે કેવું અસુવિધાકર છે. જે રીતે પૂ. મા ને હું અત્યારે જાણું છું તે પરથી કહી શકું છું કે તેઓ સહાનુભૂતિશીલ છે, તેથી બીજા-ઓને કેવું લાગશે તેવું વિચારી શકે છે. તેથી તેઓ પ્રણાલિનો પરિત્યાગ કરીને આપણને સ્વસ્થ કરી મૂકે છે.

પૂ. મા સાથેનો મારો બીજો પ્રસંગ, થોડા દિવસ પછી આમ બન્યો. પૂ. માએ જ્યારે મારી પાસે એક સફેદ નાઈલોનની થેલી જોઈ તે તેઓને ખરેખર ગમી તેથી તેમણે મને પૂછ્યું, "આ ક્યાંથી ખરીદી?" તો નીવુબેને જવાબ આપ્યો "મા! આ સુરત-માંથી ખરીદી છે." બેચાર દિવસમાં જ અમે સુરત જવાનાં છીએ ત્યારે આપને માટે આવી થેલી ખરીદી લાવીશું. તેમ છતાં તે સાંજે જ નીવુબેને સુરત જઈએ તેની વાટ જોયા વિના મારી તે થેલી પૂ. માને આપી દીધી. પૂ. માએ બદલામાં પોતાની જૂની થેલી મોકલી અને કહ્યું કે આ થેલીને 'પ્રસાદી' તરીકે રાખજો. આજે પણ તે થેલી મારી પાસે છે. તે પરથી મને એક કીંમતી શીખામણ મળી કે પૂ. મા કશું જ મફત લેતાં નથી.

છેલ્લા કેટલાક વર્ષોમાં પૂ. મા અમેરીકા આવે ત્યારે મારે તેમને

ત્રણ ચાર વાર મળવાનું થાય છે—અને પૂ. માએ મારા કુટુમ્બના જીવનમાં પણ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ૧૯૯૭ માં એક સમયે મને સ્વપ્ન આવ્યું—સ્વપ્નમાં તેઓ મારી આસપાસ ઊંચે ઘૂમતાં દેખાયા. પૂ. માનું કમ્મરથી ઉપરના ભાગનું શરીર મને દેખાતું હતું—જે ખૂબ પ્રકાશિત આભાવાળું જણાતું હતું. પૂ. માએ મારા તરફ હસીને પૂછ્યું—"ઉષાબેન, પૂ. માને મળવા ક્યારે આવશે?" સ્વપ્નમાં જ મેં માને જણાવ્યું કે અત્યારે તો આપની પાસે આવવાની તક કે કારણ નથી કે જેથી આપને મળી શકું.

બે ચાર દિવસ પછી હું મારાં બાને ઘેર મળવા ગઇ તો વાતચીત દરમ્યાન પૂ. માના નામનો ઉલ્લેખ થયો. આ કંઇ અસાધારણ વાત ન હતી. કારણ કે મારાં બાનું આખું ઘર પૂ. માના અનન્ય ભક્તો છે. મારાં બાએ મારી સામે જોઇને કહ્યું, 'તેં ઘણી સુવર્ણ તકો પૂ. માને મળવા અને ઓળખવાની ગુમાવી છે. તને એ ખબર છે કે એવા કેટલાય લોકો છે જેઓને કદી કોઇ સંતના દર્શન અને સાંભળવાનું જીવનકાળ દરમ્યાન મળતું નથી."

તું ખરેખર ઘણું ગુમાવી રહી છે. મેં મારી માતા સામે જોઇ કહ્યું, પૂ. મા અમેરિકા આવી રહ્યાં છે. તેઓ મારા માટે આવી રહ્યાં છે એમ કહી મેં મારા સ્વપ્નની વાત મારાં બાને કહી.

આ પહેલાં હું જ્યારે પ્રભુને પ્રાર્થના કરતી, ત્યારે પ્રભુ કેવા છે તે જાણતી ન હતી. પરંતુ હવે હું મારી પ્રાર્થના પૂ. માને કરું છું. મારા કુટુંબે પણ મારા પુત્રોના જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. મારા સગાંઓ પાસેથી તેઓ 'બાવનીઓ' શીખ્યા અને જપ અને માળા કરતા થયા. મારા કુટુંબના સભ્યો મારા છોકરાઓને સવારે શાળાએ મૂકવા જતા તેમના છોકરાઓ સાથે ત્યારે બાવની



સાંભળતા અને મારો પુત્ર વિકાસ પ્રણામ કરતો થયો છે અને એ વાત કહેતા મને ગર્વ થાય છે.

હું માળા ફેરવતાં અને પ્રણામ કરતાં તેની પાસેથી શીખી. આનો બધો યશ પૂ. માને ફાળે જાય છે. કારણ કે હું જાણું છું કે આ બધા માણસોને—હું પૂ. માની નજીક આવી શકું તેટલા માટે લાવ્યાં છે.

મેં ૧૯૯૯ માં પૂ. મા લોસ એન્જેલેસમાં હતાં મેં વિચાર્યું કે જે ઘરમાં પૂ. મા છે તે ઘરમાં હોઉં તો કેવું સારું! તેના પરિણામે મને તેઓના પવિત્ર પરમાણુઓ અને શક્તિનો લાભ મળે! જ્યારે હું પૂ. માના અકસ્માત્‌ના ફોટા જોતી હતી, ત્યારે મને એમાંથી કોઇ ભાગ્યે જ બચ્યું હોય તેનું આશ્ચર્ય થતું હતું. (જે ગાડીમાં પૂ. મા મુસાફરી કરી રહ્યાં હતાં) તે તો સાવ ભંગાર થઇ ગઇ હતી. તેમાં ફક્ત એક વ્યક્તિને જ (એટલે પૂ. માને જ) ઈજા થઈ, તે માની શકાય તેવી વાત ન હતી.

હું જ્યારે ઉપલા મજલે ગઇ ત્યારે પૂ. માને પ્રણામ કર્યાં. અને ઓરડાના પાછલા ભાગમાં બેઠી ત્યારે પૂ. મા ઓરડામાંની દરેક વ્યક્તિ સાથે (લખીને) વાત કરી રહ્યાં હતાં. પછી મારો વારો આવ્યો ત્યારે પૂ. માએ સ્લેટમાં લખ્યું, "ઉષા, તું ક્યાં ખોવાઇ ગઇ હતી?" આથી મને આશ્ચર્ય થયું. પૂ. માએ મારા કામકાજ અને બંને દીકરાઓ વિષે પૃચ્છા કરી. પૂ. માની આવી તીવ્ર સ્મરણ-શક્તિ જોઇ મને ખૂબ માન થયું. મેં અનુભવ્યું કે પૂ. મા કોઇ નામ કે ચહેરાને કદી ભૂલતાં નથી એ એમની સ્મૃતિમાં કાયમ માટે નોંધાઇ જાય છે. પૂ. મા જાણી ગયાં હશે કે મને થોડી અસ્વસ્થતા એટલા માટે થઇ હશે કે તેમને મને સ્વસ્થ કરતાં

થોડી વાર લાગી હતી. પૂ. મા અંગેની મેં નોંધેલી આ બીજી લાક્ષણિકતા છે. તેઓ હંમેશા પોતાનું કામ બાજુપર મૂકી તમને પૂરતી સ્વસ્થતા મળી રહે તે જુએ છે.

પૂ. માને તેઓના એક સગાંએ પૂછ્યું કે ગઇકાલે પાણીના મસાજ પછી તેઓને પગે હવે કેમ લાગે છે? પૂ. માએ જવાબ આપ્યો "સારું રહ્યું, પરંતુ હજી તે અંગે સભાનતાપૂર્વક વિચારતી નથી છતાં પીડા થાય છે. મારાથી બોલાઇ ગયું, "મા, હું આપના પત્રને મસાજ કરી શકું?" પૂ. મા મારી સામે જોઇને હસ્યાં અને લખ્યું, "પગે મસાજ કરતાં તને આવડે છે શું?" ઘડીભર હું ડઘાઇ કે મારામાં પૂ. મા સાથે વાત કરવાની હિંમત ક્યાંથી આવી? તેઓએ મારી સામે જોઇ લખ્યું, "આજે નહિ, કાલે સાંજે આવજે."

આથી મને રોમાંચ થઇ ગયો! શું પૂ. માએ ખરેખર મને હા પાડી દીધી!

(ક્રમશઃ)



### ચોધાર આંસુએ રડતી

# પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિ

**દેવેશ મહેતા**

દુનિયામાં અજબ–ગજબની ઘટનાઓ બનતી રહે છે. માનવીએ પ્રસ્થાપિત કરેલા સર્વ સામાન્ય નિયમોથી સાવ અલગ રીતે બનતી આવી ઘટનાઓનું સ્પષ્ટીકરણ વિજ્ઞાનીઓ પણ આપી શકતા નથી, છતાં આવી ઘટના સાચેસાચ બની છે. તેવું તો તેમને માનવું જ પડે છે. આવી જ એક ઘટના અમેરિકાના સરાક્યુઝમાં ૧૯૫૩ ના ઓગસ્ટ મહિનાની ૨૯ તારીખે બની. પ્લાસ્ટર ઓફ પેરિસની પ્રતિમામાંથી આંસુ નીકળવા લાગ્યા અને કેટલાય દિવસો સુધી તેનો પ્રવાહ સતત ચાલુ જ રહ્યો. અનેક લોકો તે જોવા ઉમટતા. તેમાં બુદ્ધિશાળી વર્ગના લોકોનો પણ સમાવેશ થતો. વિજ્ઞાનીઓ અને પોલિસ તંત્રના ઉચ્ચ અધિકારીઓ પણ તેની ચકાસણી કરવા આવતા. આમાં કોઇ છળકપટ કે છેતરપિંડી નથી તેવું તે પણ કબૂલ કરતા. આમાં અદ્ભુત વાત તો એ હતી કે વિજ્ઞાનીઓએ એ આંસુનું રાસાયણિક પૃથક્કરણ કર્યું ત્યારે તેમને જાણવા મળ્યું કે તે માનવીના આંસુમાં હોય છે તેવું જ તત્ત્વ ધરાવતા હતાં. આ ઘટનાનો આંખે દેખ્યો વિગતવાર અહેવાલ ફ્રેંચ લેખક ફાધર એ. સોમર્સે લખ્યો અને તેનો અનુવાદ ફાધર એચ. જોંગેને કર્યો. આ સમાચાર અને અહેવાલથી આખા અમેરિકામાં સનસનાટી ફેલાઇ ગઇ.

ઘટનાની વિગતો જાણવા જેવી છે. એંગ્લો જન્યૂસો નામના યુવકના લગ્ન એન્ટોનિયેટા નામની યુવતી સાથે ૨૧–૩–૫૩ ના

રોજ થયાં. તેમને લગ્નપ્રસંગે અનેક ભેટ–સોગાદો મળી. તેમાં જેન્યૂસોના ભાઇભાભીએ પ્લાસ્ટર ઓફ પેરિસની એક સુંદર મૂર્તિ ભેટ આપી. મૂર્તિ અંદરથી પોલી હતી અને ઉપરથી પોલિસ (enamel) કરી હતી. એન્ટોનિયેટાને તે મૂર્તિ બહુ જ ગમી ગઇ. તે હંમેશાં તેને સાથે લઇ લઇને ફરતી અને ઘણીવાર તેની સાથે કલાકો સુધી વાતચીત કરતી. મૂર્તિ તો નિર્જીવ હતી એટલે કશું બોલતી ન હોય તે સમજી શકાય તેવું છે છતાં જાણે તે કશું બોલતી હોય તેમ તે ભાવાત્મક રીતે કલ્પતી. થોડા સમય બાદ એન્ટોનિયેટા ગર્ભવતી બની. ગર્ભ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તેને અસહ્ય પીડા થવા માંડી. તે ગંભીર બીમારીનો ભોગ બની અને તેને મૂર્છાઅપસ્મારના હુમલા પણ આવતા. ૨૯ ઓગસ્ટ ૧૯૫૩ ના રોજ તો તેને ભારે હુમલો આવ્યો, તેની પીડા અસહ્ય થઇ ગઇ. જેન્યૂસો તો સવારના સાત વાગ્યે જ પોતાની ફરજ બજાવવા ઘરમાંથી બહાર નીકળી ગયો હતો. તે દરરોજ જેની વાતો કરતી હતી તે મૂર્તિ તેની આરાધ્ય દેવી (મેડોના) બની ગઇ હતી. તેની પીડા પરાકાષ્ટાએ પહોંચી ત્યારે તે તેની સાથે વાતો કરવા લાગી. તેના દુઃખની ફરિયાદ કરવા લાગી. તે બોલી ઊઠી, "મારા જેવી પીડા તને થતી હોય તો તને ખબર પડે કે આ પીડા કેવી અસહ્ય છે. મારી પીડા જોઇને શું તને કશું થતું નથી? તું આવી નિષ્ઠુર કેમ છે?"ભારે તાવમાં પટકાયેલી તે આવી લવરી કરતી હતી ત્યાં એકોક તેની નજર મેડોનાની આંખ પર પડી. તેણે જોયું તો મેડોનાની આંખમાંથી આંસુની ધાર વહી રહી હતી. એન્ટોનિયેટાને નવાઇ લાગી. તે એકદમ ચીસ પાડી ઊઠી. પડોસમાંથી એક–બે સ્રીઓ દોડી આવી. એન્ટોનિયેટાએ કહ્યું, "જુઓ, મારી મેડોના રડે છે તેની આંખમાંથી આંસુ વહી રહ્યાં છે." તે



સ્રીઓએ જોયું તો ખરેખર પેલી પથ્થરની મૂર્તિની આંખમાંથી આંસુ નીકળી રહ્યા હતા. તેમણે તે મૂર્તિને માથુ નમાવી પ્રણામ કર્યા અને બહાર દોડી ગઇ. તેમણે આજુબાજુના લોકોને સમાચાર આપ્યા અને બધા તે જોવા દોડી આવ્યા. એન્ટોનિયેટોને તે મૂર્તિ ભેટ આપનાર જેન્યૂસોની ભાભી પણ ત્યાં આવી પહોંચી. તેમણે જોયું તો મૂર્તિની આંખમાંથી એટલાં બધાં આંસુ નીકળી રહ્યા જેનાથી એન્ટોનિયેટોની પથારીનો ઓશિકા તરફનો ભાગ સારા એવા પ્રમાણમાં ભીનો થઇ ગયો હતો!

વાઇયા કારસોમાં રહેતા ડો. મારિયો મેસીના પોતે તે ઘટનાનું નિરીક્ષણ કરવા ગયા. તેમણે તે મૂર્તિ પોતાના હાથમાં ઊઠાવી અને તેનું બારીકાઇથી અવલોકન કર્યું. મૂર્તિની આસપાસ ક્યાંય પાણી નહોતું કે કોઇ પ્રવાહી પણ રાખેલું નહોતું. તેમણે સ્વચ્છ અને કોરા કકડાથી તે મૂર્તિને બરાબર લૂંછી અને તેની જગ્યાએ પાછી મૂકી. થોડી ક્ષણોમાં જ તેમની સામે જ ફરીથી મૂર્તિની આંખમાંથી આંસુની ધારા નીકલવા લાગી અને સતત વહેતી રહી. ડેગલી ઓરટીના જેન્યૂસોને ઘેર વિચિત્ર ઘટના બની રહી છે. તેની પત્ની એન્ટોનિયેટોની મેડોનાની આંખમાંથી આંસુ નીકળ્યા જ કરે છે તે સમાચાર દૂર–દૂર સુધી ફેલાઇ ગયા. પોતાના અનુભવ બાદ ડો. મારિયોએ લખ્યું પણ ખરું—"આ એક અલૌકિક પ્રસંગ છે. જેમાં નથી તો આંખો છેતરી રહી કે નથી તો બુદ્ધિ આપી રહી સાથ! વિજ્ઞાન આનો કોઇ જવાબ આપી શકે એની અમે કલ્પના પણ કરી શકતા નથી, એટલું જ કહી શકીએ એમ છીએ કે ભગવાનની માયા ખરેખર વિલક્ષણ છે."

મૂર્તિએ જગાવેલી ચકચારને લીધે પોલીસ અધિકારીઓએ

વિચાર્યું કે એ મૂર્તિને પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવે. તેમણે તે મૂર્તિને લઇ આવવા પોલીસ કોન્સ્ટેબલોને મોકલ્યા. તે લઇને આવતા કોન્સ્ટેબલનો પોશાક પણ અશ્રુધારાથી ભીંજાઇ ગયો. તે મૂર્તિને જે જોતું તેની આંખમાંથી પણ આંસુ નીકળવા લાગતાં. પોલીસના અધિકારીઓએ તે મૂર્તિ એન્ટોનિયેટાને ઘેર પાછી મોકલી દીધી.

૩૦ ઓગસ્ટના રોજ આ ખબર આખા પ્રાન્તમાં ફેલાઇ ગઇ. 'લા સિસીલિયા' વર્તમાનપત્રના સંપાદકે આ ઘટનાનો વિસ્તૃત અહેવાલ આપ્યો. ત્યારબાદ દસ પાદરીઓના એક ડેલીગેશને પણ આ ઘટના નિહાળી. ફાધર વેંસેન્જોએ રડતી પ્રતિમાનો ફોટાગ્રાફ પણ ખેંચ્યો. પછી બીજા ઘણા લોકોએ તે અદ્ભુત ઘટના તેમના કેમેરાના કચકડાની ફિલ્મમાં કંડારી લીધી. ઇટાલિયન ક્રિશ્ચિયન લેબર યુનિયનના અધ્યક્ષ પ્રો. પાવલો અલબાનીએ પણ આ ઘટના પોતાની આંખે સામે નિહાળી. ૧ સપ્ટેમ્બર ૧૯૫૩ ના રોજ એક મોટા સમુદાયે તેની ફરી મુલાકાત લીધી. જોસેફ બ્રૂનો, ડો. માઇકલ કેસૈલા, ડો. ફ્રેન્ક કોટચિયા, ડો. લૂડ કર્સો, પ્રો. પાસ્કિવલીનો, ડો. બ્રિટિન ફેરિગો, ઉમ્બ્રટો, ફર્સ્ટ લેફ્ટેનન્ટ કારમેલો રમાનો વગેરે જુદા જુદા ક્ષેત્રના અનેક નામાંકિત લોકો તેમાં સામેલ હતા. તેમણે તે આંસુઓની ઘટનાનું બધી રીતે વિશ્લેષણ કર્યું. રસાયણ વિજ્ઞાનીઓએ અને વિશેષજ્ઞોએ મૂર્તિના આંસુ એકઠા કરી તેને પ્રયોગશાળામાં મોકલ્યાં. તે સાચા આંસુ જ નીકળ્યાં. પ્રો. એલ રોજાએ સ્પેનના પાદરીને પોતાની તપાસનો અહેવાલ લખી આપ્યો. કમીશને આંસુ એકઠા કર્યા છે તે સાચા છે. મૂર્તિ એ પેચોથી જોડાયેલી છે. મૂર્તિનું પ્લાસ્ટર બિલકુલ સૂકું છે. આંસુઓનું નિરીક્ષણ અને વિશ્લેષણ આર્કબિશપ ક્યુરિયો દ્વારા નિયુક્ત વિજ્ઞાનીઓની ટુકડીએ કર્યું છે. માઇક્રો કિરણોથી જોવામાં આવ્યું ત્યારે તે આંસુમાં તે બધા જ તત્ત્વો મળી આવ્યાં જે ત્રણ વર્ષના



બાળકના આંસુઓમાં હોય છે. અરે ત્યાંસુધી કે "પાણીનો ઘોળ, પ્રોટીન અને ક્વાર્ટનરી પણ તેમાં સ્પષ્ટ જોવા મળતા હતા. એ મૂર્તિ બનાવનાર કારીગર પણ આ ઘટનાથી ચકિત હતો. તેણે જણાવ્યું કે તેના થકી બનાવાયેલી અનેક મૂર્તિઓમાં કેવળ આ એક જ મૂર્તિ આવી હતી.

છેવટે એક આશ્ચર્યજનક ઘટના બની. એન્ટોનિયેટાની તબીયત એકાએક સુધરવા લાગી. તેનો ગર્ભાશયનો દુઃખાવો એકદમ દૂર થઇ ગયો. આંખોનું તેજ પાછું આવ્યું, તોતડાતી જીભ પણ સારી થઇ ગઇ. તે સાથે જ તેની આરાધ્યદેવી(મેડોના)ની આંખમાંથી નીકળતી આંસુની ધારા અટકી ગઇ. તે પછી ક્યારેય પ્લાસ્ટર ઓફ પેરિસની તે પ્રતિમાની આંખમાં આંસુનું ટીપું પણ જોવા મળ્યું નથી!

વિજ્ઞાનીઓ માટે આ ઘટના પારાવાર આશ્ચર્ય સર્જનારી જ બની રહી. એન્ટોનિયેટાને ભયંકર પીડા થતી હતી ત્યારે તે મૂર્તિની આંખમાંથી આંસુ કેમ વહેતાં હતાં? પ્લાસ્ટર ઓફ પેરિસથી બનેલી નિર્જીવ પ્રતિમાની આંખમાંથી ત્રણ વર્ષની બાળકીના આંસુ જેવા આંસુ કેવી રીતે નીકળતાં હતાં? ડોક્ટરી સારવાર કરવા છતાં જેના રોગમાં કોઇ સુધારો થયો ન હતો તે એન્ટોનિયેટાની બિમારી એકાએક કેવી રીતે દૂર થઇ ગઇ? એન્ટોનિયેટાની પીડા સમી જતાં તેની મેડોના પણ કેમ રડતી બંધ થઇ ગઇ? આ પ્રશ્નોના જવાબ આપવા વિજ્ઞાનીઓને પણ અઘરા થઇ પડે તેમ છે. આ ઘટનાપરથી એટલું તો જણાય છે કે વિજ્ઞાનથી પર કોઇ અન્ય વિજ્ઞાન પણ છે. આપણે માની લીધેલા સિદ્ધાંતોથી અલગ સિદ્ધાંતો પણ અસ્તિત્વ ધરાવે છે. પ્રબળ ભાવના કે અપ્રતિમ શ્રદ્ધા નિર્જીવને પણ સજીવ બનાવી શકે છે. એન્ટોનિયેટાની પ્રબળ

શ્રદ્ધા કે એ મૂર્તિ તેની આરાધ્યદેવી (મેડોના) છે તેણે જ એ અદ્‌ભુત ઘટના સર્જી હશે એમ માનવું રહ્યું. અધ્યાત્મ શાસ્ત્ર એક સુંદર શ્લોક આપે છે.

न काष्ठे विद्यते देवः न पाषाणे न मृण्मये ।
भावे हि विद्यते देवः तस्मात् भावो हि कारणम् ॥

દેવ લાકડામાં રહેલા નથી કે પથ્થર કે માટીમાં પણ રહેલા નથી. દેવ તો ભાવનામાં રેહલા છે. તેથી પ્રબળ ભાવના કરવી તો તેમનો અનુભવ થશે! સાચે જ, એન્ટોનિયેટાની ભાવનાએ એ પથ્થરની મૂર્તિને સાચી દેવી બનાવી દીધી હશે! આ ઘટના તેનો શ્રેષ્ઠ પુરાવો છે! (ગુજરાત સમાચારમાંથી સાભાર)

મહાપુરુષોનું અને સંતોનું કર્તવ્ય છે કે તેઓ પોતાના ફાળે-પ્રભુએ નિર્મિત કરેલું કામ કરી છૂટે. તેઓ તેના પરિણામે કેટલી અસર પહોંચી છે તે શોધવાની માથાકૂટમાં પડતા નથી.

યોગેશ્વરજી

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧.



### પુસ્તકાલય અને સહકારી પ્રવૃત્તિઓ તેમ જ

# સામાજિક સેવાઓના ભેખધારી

લેખક : શ્રી અંબુભાઇ ડી. પટેલ
સંકલન : નારાયણ હ. જાની

શ્રી અંબુભાઇ ડી. પટેલની ઉંમર આજે ૭૬ વર્ષની છે, પરંતુ એક યુવાનને શરમાવે તેવી સ્ફૂર્તિ અને ઉત્સાહ સાથે તેઓ ગુજરાત રાજ્યના એક છેડાથી બીજા છેડા સુધી પુસ્તકાલય તેમ જ સહકારી પ્રવૃત્તિઓના ભેખધારી તરીકે ઘૂમતા રહે છે. આ પ્રવૃત્તિઓને તેઓએ પોતાના જીવનનું ધ્યેય બનાવ્યું છે ને ખૂબ નિષ્ઠાપૂર્વક પોતાની સેવાઓ આ ક્ષેત્રોમાં છેલ્લા ત્રણ દાયકાઓથી એકધારી આપતા રહ્યા છે.

તેઓ છેલ્લાં ૩૪ વર્ષથી ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિમિટેડમાં ડીરેક્ટર તરીકે, તો એ જ સંસ્થામાં છેલ્લાં ૨૭ વર્ષોથી ચેરમેનપદે ચૂંટાઇ આવીને સરસ સેવા બજાવી રહ્યા છે. ગુજરાત રાજ્યની બધી જ જાહેર લાયબ્રેરીઓ અને પુસ્તકાલયો-ને સારાં પુસ્તકો છાપીને તે વ્યાજબીભાવે પૂરા પાડે છે. છેલ્લાં ૭૫ વર્ષથી સહકારી ધોરણે આ ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરનાર ભારતમાં જ નહિ, પરંતુ દુનિયામાં કદાચ આ પહેલી જ સંસ્થા હશે. શ્રી અંબુ-ભાઇ છેલ્લા ૪૩ વર્ષોથી પુસ્તકાલય પ્રવૃત્તિ સાથે સંકડાયેલ છે. તેઓએ ગ્રામકક્ષાએથી કાર્ય કરતાં કરતાં, શહેર, તાલુકા, જિલ્લા અને છેલ્લે રાજ્યકક્ષાએ પોતાની સેવાઓ આપી છે. વડોદરામાં સ્વ. મોતીભાઇ અમીન સાર્વજનિક પુસ્તકાલય અને શ્રી ઇંદુચાચા સાર્વજનિક પુસ્તકાલયોની સ્થાપનામાં તેઓનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે.

શ્રી અંબુભાઇ પટેલની પુસ્તકાલય વિકાસ પ્રવૃત્તિઓને લક્ષમાં લઇ તેની કદરરૂપે તેઓને આપવામાં આવેલ રૂા. એક લાખની રકમ–તેઓએ તેમાં રૂા. ૧૦૦૦ ઉમેરી એ જ સંસ્થાને આપી દીધા. વળી તેઓની તુલાવિધિમાં મળેલ હજારો રૂપિયાની રકમ પણ મંડળને ટ્રસ્ટમાં આપી દીધી. તે દર્શાવે છે કે આ પ્રવૃત્તિ તેમને કેટલી પ્રિય છે.

### ગુજરાત શિષ્ટ વાચન પરીક્ષા ટ્રસ્ટ

ગુજરાતી ભાષાના શિષ્ટ સાહિત્યનો વધુ પ્રચાર થાય અને શિષ્ટ પુસ્તકોનું ખાસ કરી વિદ્યાર્થીઓમાં વાંચન વધે, તે માટે આ ટ્રસ્ટ છેલ્લા ૭૨ વર્ષોથી પ્રયત્ન કરી રહ્યું છે. શ્રી અંબુભાઇ આ પ્રવૃત્તિના પ્રમુખ તરીકે સર્વાનુમતે ચૂંટાઇને સેવાઓ આપી રહ્યા છે. આ પરીક્ષાઓમાં દરવર્ષે હજારો ગુજરાતી ભાષી યુવકો ભાગ લઇ રહ્યા છે, તે આ પ્રવૃત્તિની સફળતા દર્શાવે છે.

### પુસ્તકાલયોની અન્ય પ્રવૃત્તિઓ

પુસ્તકાલયોને લગતાં બીજાં ઘણાં મંડળો અને ટ્રસ્ટોમાં શ્રી અંબુભાઇ સેવા આપી રહ્યા છે. આ ટ્રસ્ટો આ પ્રમાણે છેઃ–

૧. મેનેજીંગ ટ્રસ્ટી, ગુજરાત પુસ્તકાલય વિકાસ, વાલી ટ્રસ્ટ.

૨. સ્થાપક, સહકારી પુસ્તક પ્રકાશન ટ્રસ્ટ.

૩. ગુજરાત જ્ઞાનવર્ધક પરીક્ષા ટ્રસ્ટના સ્થાપક પ્રમુખ.

૪. ગુજરાત રાજ્ય સરકારદ્વારા રચિત ગ્રંથાલય વિકાસ-બોર્ડની સલાહકાર સમિતિમાં.

૫ રાજારામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન પ્રવૃત્તિની યોજના નીચે ગુજરાતના પુસ્તકાલયોને પસંદગીનાં ધોરણે પુસ્તકો આપવા-ની પ્રવૃત્તિમાં વર્ષોસુધી સેવાઓ.



### બીજી પ્રવૃત્તિઓ

પુસ્તકાલય સિવાય શિક્ષણ સંગઠન ક્ષેત્રે ભારત કક્ષાએ સેવાઓ આપનાર તેઓ એક માત્ર ગુજરાતી છે.

૧૯૪૯–૫૦ અને ૫૧ ના ત્રણ વર્ષો તેઓએ નાગપુર અને દિલ્હી કક્ષાએ માગણી થતાં શિક્ષણ ક્ષેત્રે સેવાઓ આપી છે. આ ઉપરાંત ૧૯૪૨ ની લડતમાં સક્રિય ભાગ પણ લીધેલો.

વડોદરા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ(બરોડા ડેરી)ના તેઓ બે વખત પ્રમુખ તરીકે ચૂંટાયા હતા અને છેલ્લા ૧૯ વર્ષોથી તેના ડિરેક્ટર તરીકે સેવાઓ આપે છે.

લેન્ડ મોરગેજ બેંક તેમ જ શ્રી કલ્યાણરાયજી કો. ઓ. ક્રેડિટ સોસાયટીના પ્રમુખ તરીકે પણ તેઓએ કામ કર્યું છે.

### લેખક તરીકે

શ્રી અંબુભાઇ પોતે માત્ર પુસ્તકોના પ્રકાશનનું સહકારી ધોરણે કામ કરે છે. એટલું નહિ, પરંતુ તેઓ પોતાના અતિ વ્યસ્ત જીવનમાં નવલકથા લેખનની પ્રિય પ્રવૃત્તિ માટે પણ સમય કાઢે છે. અત્યારસુધીમાં તેઓની ૩૫ જેટલી નવલકથાઓ પ્રસિદ્ધ થઇ છે. તેમાંની કેટલીક તો તુરત જ બીજીવાર પ્રસિદ્ધિ પામી છે.

શ્રી અંબુભાઇની પુસ્તકાલયો ને સહકારી ક્ષેત્રોની ૫૦ વર્ષોની ઉલ્લેખનીય સેવાઓને લક્ષમાં લઇ વર્લ્ડ યુનિવર્સિટી રાઉન્ટેબલ, અમેરિકા તરફથી લાયબ્રેરીયન એડમીનીસ્ટ્રેશનની કલ્ચરલ ડોક્ટ-રેટની પદવી એનાયત કરવામાં આવી છે.

ઇન્ટરનેશનલ મુવમેન્ટનો સૂર્ય એવાર્ડ, 'વિજયરત્ન' પણ તેઓને મળ્યા છે. એ સિનિયર સીટીઝન એવાર્ડ શ્રી અંબુભાઇ

(અનુસંધાન ૫૯ મા પાના ઉપર)

# સ્મિતનું સૌન્દર્ય

ડૉ. હિમાંશુ પાઠક

ગાંધીજીના ઐતિહાસિક સ્મિતને યાદ અપાવે એવું પૂજ્ય મા સર્વેશ્વરીનું સ્મિત જોનારની આંખે ઊડીને વળગે છે. એ સ્મિતનું શું રહસ્ય હશે? એવો વિચાર આવે છે, ત્યારે મન અનેક શક્યતાઓનો વિચાર કરે છે.

માનવ મનની અંદર સતત એક પ્રતિક્રિયા ઊઠતી રહે છે. જેવું એક કર્મ થાય તેની સાથે જ પ્રતિક્રિયા ઊઠવી એ સહજ છે. જેમ કે તમે સવારે ચાલવા માટે ક્યાંક ગયા હોય અને કોઈ વધારે વજન ધરાવતી સ્ત્રીને જુઓ એટલે મન તરત જ પ્રતિક્રિયારૂપે વિચારે છે કે "કેટલી જાડી છે આ બાઈ" તમે એ પણ ભૂલી જાઓ છો કે એ સ્ત્રી સાથે તમારે કોઈ સંબંધ નથી.

માનવ મનમાં ઉત્પન્ન થતી પ્રતિક્રિયા બે પ્રકારની છે.

૧. હકારાત્મક (Positive Reaction)

૨. નકારાત્મક (Negative Reaction)

જેમ કે તમે આકાશ જુઓ છો, ગુલાબનાં ફૂલ જુઓ છો, વેકેશનમાં ફરવા જાઓ છો, એરકન્ડીશન્ડ થીએટરમાં પિક્ચર જોવા જાઓ છો, મનગમતી રેસ્ટોરન્ટમાં મનગમતી વાનગી ખાઓ છો ત્યારે જે પ્રતિક્રિયા–Positive Reaction–કહેવામાં આવે છે.

પરંતુ......



જ્યારે જીવનમાં ન ગમતી ઘટના ઘટે છે, જેમ કે ભરબપોરે ગરમીમાં પંખો બંધ થઈ જાય છે, અગત્યનો ટેલિફોન કરવો છે અને તમારો ફોન ચાલતો નથી, તમારે અગત્યના કામે બહારગામ જવું છે, અને રેલ્વેમાં રીઝર્વેશન નથી મળતું. તમારા એપાર્ટમેન્ટમાંથી નીચે ઊતરો છો ત્યારે ખબર પડે છે કે તમારી કારમાં પંક્ચર છે, તમારી દીકરીના માર્ક્સ ઓછા આવે છે, તમારા દીકરાના લગ્ન માટે યોગ્ય પાત્ર મળતું નથી, તમને પ્રમોશન મળતું નથી, વિગેરે. પ્રસંગે તમારા મનમાં જે પ્રતિક્રિયા ઉત્પન્ન થાય છે, તે નકારાત્મક–Negative Reaction–પ્રતિક્રિયા કહેવાય છે.

વિજ્ઞાને પણ એ વાત સ્વીકારી છે કે જો માનવ એક નાનકડો નકારાત્મક પ્રતિક્રિયારૂપે વિચાર કરે તો તે જ ક્ષણે એમના લોહીમાં રહેલા હોર્મોન્સના પ્રમાણમાં વધઘટ જોવા મળે છે. પરિણામે થોડા વખત પછી હાઈપર એસીડીટી, હાઈબ્લડપ્રેશર, અસ્થમા, ડીપ્રેશન, રાત્રે ઊંઘ ન આવવી, થાઈરોઈડ ગ્રંથિના રોગો જોવા મળે છે.

અને સૌથી અગત્યની વાત તો એ છે કે નકારાત્મક પ્રતિક્રિયાથી માનવ મનમાં વિષાદ પ્રસરે છે અને પરિણામે આનંદની ક્ષણો ઓછી થઈ જાય છે.

એનો અર્થ એ થયો કે જો માનવે આનંદની અનુભૂતિ સતત કરવી હોય તો એના મનમાં ઉત્પન્ન થતી નકારાત્મક પ્રતિક્રિયાને શૂન્ય કરવાની સાધના કરવી જોઈએ.

યોગશાસ્ત્ર કહે છે કે મન એટલે વૃત્તિઓનો સરવાળો. માનવ મનમાં અનેક વૃત્તિઓ રહેલી છે. મનમાં ઊઠતી નકારાત્મક પ્રતિક્રિયા માટે પણ એક વૃત્તિ જવાબદાર છે.

સવારે ઊઠતાની સાથે ગૃહિણીને ખબર પડે છે કે આજે કામવાળી આવવાની નથી, સવારે પાડોશી સમાચાર આપે કે આજે દૂધવાળો ના પાડી ગયો છે, કે છોકરાઓને સ્કૂલે લઇ જતી રીક્ષા આજે આવશે નહિ. જેવા પ્રસંગોનો અસ્વીકાર નકારાત્મક પ્રતિક્રિયાને જન્મ આપે છે. આ વૃત્તિને Sense of Non-acceptance કહેવામાં આવે છે. અસ્વીકાર કરવાની વૃત્તિ એ માનવમાત્રનો સહજ સ્વભાવ બની ગયો છે. પરિણામે નાની કે મોટી ઘટનામાં દુઃખનો અનુભવ થાય છે.

પૂજ્ય મા સર્વેશ્વરીજીના જીવનનું નિરીક્ષણ કરવાથી એ વાતની નોંધ લેવી જ પડે કે પૂજ્ય માએ આટલા વર્ષોની સાધનાથી અસ્વીકાર કરવાની વૃત્તિપર સંપૂર્ણપણે વિજય હાંસલ કર્યો છે. પરિણામે પૂજ્ય માના મનમાં ક્યાંય પણ વિષાદની નાનકડી રેખા પણ દેખાતી નથી.

સામાન્ય માનવ પણ એમના જીવનમાં બનતી ઘટનાને સ્વીકારે છે ખરો, પણ એ એટલા માટે સ્વીકારી છે કે સ્વીકારવા સિવાય છૂટકો નથી; બળજબરીથી સ્વીકારે છે, પ્રયત્નપૂર્વક સ્વીકારે છે, જ્યારે આપણે પૂજ્ય માના જીવનમાં ઘટતી ઘટનાના સ્વીકાર પાછળ એક સમજણ છે, શ્રદ્ધા છે, વિવેક છે.

અને એના પરિણામે પૂજ્ય માના સ્મિતનું સૌન્દર્ય દિન-પ્રતિદિન નીખરતું રહે છે, જે એમની અમુલખ મૂડી છે.

હમણાં જ થોડા વખત પહેલાં પૂજ્ય માને મળવાનું થયું ત્યારે ઉનાળાની ગરમીના કારણે હાથની ચામડી પર થયેલી અસરની વાત નીકળી. તો પૂજ્ય માંએ તરત જ લખ્યું, "સૂર્યદેવની પ્રસાદી છે."



મને ખૂબ આશ્ચર્ય થયું. મારા માટે આ જવાબ મારી કલ્પના બહારનો હતો. પણ તમે જોશો કે હસતાં હસતાં સહજ રીતે લખાયેલી એ વાત પાછળ પણ ઘટનાનો સંપૂર્ણ સ્વીકાર જ હતો.

પૂજ્ય માના અકસ્માતની ઘટનાથી સૌ કોઇ પરિચિત છીએ. જે ક્ષણે અકસ્માત થયો ત્યારથી લઇને બંને પગ પ્લાસ્ટરમાં રહ્યા, પછી ફીઝીયોથેરાપીની કસરત વેળાએ થતી વેદના, સંપૂર્ણપણે ચેતનાવસ્થામાં હાડકામાંથી સળિયા કાઢવાનું ઓપરેશન અને એ પછી મહિનાઓ સુધી ચાલવાની પ્રક્રિયામાં આવતી મુશ્કેલીમાં પણ અણગમાની એક લગીર પણ ન દેખાવા પાછળનું એક કારણ એ છે કે સતત એ પ્રતિકૂળ ઘટનાનો સંપૂર્ણ સ્વીકાર છે.

એવી ઘણી ઘટનાઓ યાદ આવે છે. એકવાર પૂજ્ય માને બીજા વર્ગમાં સૌથી ઉપરના પાટિયા પર સુવું પડયું, અને આખી રાત સિગારેટના ધૂમાડાવાળા વાતાવરણમાં મુસાફરી કરી.

મને બરાબર યાદ છે કે વર્ષો પહેલાં પૂજ્ય માને મળતા અને આવી જ કોઇ પ્રતિકૂળ ઘટના માટે પૂછતા તો કહેતાં, "ભ. ખ." અર્થાત્ ભગવાનને ખબર.

તમને નથી લાગતું કે પૂજ્ય માના એ અમોઘ સ્મિતના રહસ્યનું પણ રહસ્ય આ જ છે.

## * સર્વેશ્વરી દાનેશ્વરી માતા *

પૂરવનાં કૈં પુણ્ય થકી મળ્યાં છે અમને,
સર્વેશ્વરી કૃપાળુ માતા,
કંઇ જ માગ્યા વગર સઘળું ધરી દેતાં,
દાનેશ્વરી દયાળુ દાતા,
સર્વેશ્વરી કૃપાળુ માતા.

ચંદ્રમા જેવું મુખારવિંદ,
રેલાવે ચારે દિશ ઉજાસ,
જે કોઇ આવે માની પાસ,
એ રહે ના કદી ઉદાસ.

પળભરમાં સંતાપ હરી લે,
આપે સુખ, સંતોષ ને શાતા,
સર્વેશ્વરી કૃપાળુ માતા,
દાનેશ્વરી દયાળુ દાતા.

માનું સુંદર સ્વરૂપ સમાયું,
સકલ આ સૃષ્ટિમાં,
માની અપૂર્વ શક્તિઓની,
ક્યાં છે કોઇ જ સીમા.

મારું જીવન ધન્ય થઇ જાયે,
એમનો દિવ્ય મહિમા ગાતાં,
સર્વેશ્વરી કૃપાળુ માતા,
દાનેશ્વરી દયાળુ દાતા.

— હર્ષદ પટેલ



## પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીનાં ઓડીયો-ટેપ પ્રવચનોની યાદી

પ્રાપ્તિસ્થાન : શ્રી મધુભાઇ હ. ભટ્ટ,
૬૦૧ A, રામટાવર્સ, ઓફ લીંક રોડ, બોરીવલી (વેસ્ટ)
મુંબઇ-૪૦૦૦૯૧

નોંધ : કેસેટો માટેનો પત્રવ્યવહાર ઉપરના સરનામે કરવો. કેસેટની કિંમત કેસેટના પ્રકાર પ્રમાણે રહેશે.

| વિષય | સ્થળ | સમય | જૂની | નવી | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ભક્તિયોગ | અમદાવાદ | ૧/૧૨/૮૦ થી ૧૫/૧૨/૮૦ | | ૧૨ | |
| ભક્તિયોગ | પાલનપુર | ૧૦/૯/૮૨ થી ૧૮/૯/૮૨ | | ૭ | |
| ભક્તિયોગ | ગાંધીનગર | ૭/૧૦/૮૨ થી ૧૫/૧૦/૮૨ | | ૮ | |
| ભક્તિયોગ | સુરત | ૧૬/૩/૮૨ થી ૧૯/૩/૮૨ | | ૪ | |
| ભક્તિયોગ | ભાવનગર | ૨૦/૮/૮૦ થી ૩/૯/૮૦ | ૧૪ | | |
| ભક્તિયોગ | વડોદરા | | ૭ | ૧૫ | |
| ભક્તિયોગ | ૨૭બી | ૧૯૮૧ | | ૮ | |
| નવધાભક્તિ | (ઇંગ્લેન્ડ) વડોદરા | ૧૧/૫/૮૨ થી ૧૫/૫/૮૨ | ૫ | | |
| ધ્યાનયોગ | અમદાવાદ | ૩/૪/૮૨ થી ૧૭/૪/૮૨ | | ૧૧ | |
| ધ્યાનયોગ | સુરત | માર્ચ ૧૯૮૨ | | ૩ | |
| ધ્યાનયોગ | સુરત | ૧/૩/૮૨ થી ૧૫/૩/૮૨ | | ૧૫ | |
| પાતંજલ યોગ-દર્શન | અમદાવાદ | ૩૦/૧૦/૭૯ થી ૮/૧૧/૭૯ | | ૯ | |
| પાતંજલ યોગ-દર્શન | અમદાવાદ (ગુજ.યુનિ.) | ૨૫/૨/૮૪ થી ૨/૩/૮૪ | ૫ | | |

| વિષય | સ્થળ | સમય | જૂની | નવી | સંખ્યા |
|---|---|---|---|---|---|
| કર્મયોગ | પાલનપુર | ૨૪/૧૦/૮૩ થી ૩૧/૧૦/૮૩ | | ૭ | |
| કર્મયોગ | વડોદરા | | ૧૫ | | |
| અમરજીવન | કપુરા | | ૨ | | |
| રામચરિત માનસ | અમદાવાદ | ૩૦/૩/૮૩ થી ૧૯/૩/૮૨ | | ૧૩ | |
| રામચરિત માનસ | સુરત | ૨/૫/૮૩ થી ૭/૫/૮૩ | | ૬ | |
| રામચરિત માનસ | મુંબઈ | ૭/૩/૮૪ થી ૧૭/૩/૮૪ | ૯ | | |
| રામચરિત માનસ | વડોદરા | | ૧૫ | | |
| આત્મસંયમયોગ | સુરત | ૯/૫/૮૩ થી ૧૩/૫/૮૩ | | ૫ | |
| આત્મસંયમયોગ | વડોદરા | ૧૦/૧/૮૧ થી ૨૮/૧/૮૧ | ૧૯ | | |
| પુરુષોત્તમયોગ | વડોદરા | ૨૧/૫/૮૦ થી ૧૭/૩/૮૪ | ૧૨ | | |
| ગીતાનો સંદેશ | વડોદરા | | ૧૬ | | |
| વિવિધ પ્રવચનો | સુરત | ૧૯૭૯/૧૯૮૨ | | ૧૭ | |
| વિવિધ પ્રવચનો | બિકાનેર | | | ૬ | |
| વિવિધ પ્રવચનો | દ. આફ્રિકા | ૨૭/૧૧/૮૨ થી ૧૫/૩/૮૩ | | ૨૪ | |
| વિવિધ પ્રવચનો | ટોરંટો (કેનેડા) | ઓક્ટોબર ૧૯૮૧ | | ૧૦ | |
| વિવિધ પ્રવચનો | અમેરિકા | ૯/૧૧/૮૧ થી ૧૦/૧/૮૨ | | ૪૧ | |
| | | | ૧૧૯ | ૨૦૬ | ૩૨૫ |




# અખંડ ભારતના શિલ્પી

# આપણા સૌના સરદાર

કિસાન હોય કે ગ્રામ સમાજ,
શહેરીજન હોય કે વહીવટકર્તા,
સૌને નેતૃત્વ પૂરું પાડયું
સરદાર વલ્લભભાઈ પટેલે
લોક જુવાળને રચનાત્મક મોડ આપ્યો
સરદાર સાહેબે

આજે—
વિકાસના રચનાત્મક લોક આંદોલનનો
સરદાર પ્રેરિત રાહ અપનાવ્યો છે
ગુજરાતે
સરદારભૂમિ ગુજરાત
૧૨૫ મી જન્મ જયંતીએ
સરદાર વલ્લભભાઈ પટેલને વંદન કરે છે.

માહિતી/૨૦૦૦/૨૪

# કુકર્મોથી મેળવેલી મિલ્કતોનું શું?

સંકલન : યશસ્વીભાઇ મહેતા

માણસ જન્મે છે ત્યારથી એટલે કે તે જ ક્ષણથી તેની કાળ સાથે દોડવાની સ્પર્ધા શરૂ થઇ જાય છે. આખરે સમગ્ર જીવન દરમ્યાન અમાપ સમૃદ્ધિ, સત્તા, ભોગવિલાસ, નામ–યશ–કીર્તિ વગેરે કમાય લીધા પછી, અનેક એવોર્ડ, ઇલ્કાબોની પ્રાપ્તિ થઇ ગયા પછી માણસ થાકી જાય છે.

ઋષિ કહે છે : आयुर्नश्यति पश्यताम् प्रतिदिनं यातिक्षयं यौवनं प्रत्यायांतिगता पुनर्न दिवसा: कालो जगद्भक्षक: ॥ એક પછી એક દિવસ પસાર થતો જાય છે તેમ તેમ આયુષ્ય ઓછું થતું જાય છે, ક્ષય પામતું જાય છે. ગત દિવસો પાછા આવતા નથી અને અંતે જગદ્ભક્ષક કાળ માણસને સ્વાહા કરી જાય છે.

ઋષિ વધુમાં કહે છે : लक्ष्मीस्तोय तरंग भंगचपला विद्युत् चलम् जीवितम्। तस्मान् माम् शरणागतं शरणत्वम् रक्ष रक्षाधुना ॥ લક્ષ્મી પાણીના પ્રવાહ સમાન ચંચળ છે અને જીવન આકાશમાં ઝબુકતી વિજળીની જેમ સમાપ્ત થઇ જાય છે. सर्वात्मन्, परमात्मन्! હું તમારા શરણે આવ્યો છું મને તમારા શ્રીચરણોમાં આશ્રય પ્રદાન કરો.

જરા–વ્યાધિ એટલે કે વૃદ્ધાવસ્થા અને રોગોની હારમાળા કે વરમાળા કાળ દરેક માણસના ગળામાં પહેરાવી દે છે. અને તે જ તો મૃત્યુદેવતાના છડીદાર છે. મૃત્યુની પ્રસ્તાવના છે.

લોસ એન્જલ્સ કેલીફોર્નિયા યુનિવર્સીટીના વાઇસ ચેન્સલર



ડો. વિક્રમ પટેલે એક પત્રિકા બહાર પાડી છે તેનું શિર્ષક છે ઘડપણ બિહામણું કે સોહામણું? કદાચ વહેલું મોડું કે આ અંકમાં તે પ્રકાશિત કરવામાં આવશે. તેમાં તેઓ લખે છે કે "કોઇ ભૂતપૂર્વ વડો પ્રધાન ઢળતી ઉમરે પથારીમાં ઝાડા–પેશાબ કરતો રહે છે, બધો વટ ખરી પડે છે. બધો અહંકાર ધૂળ ચાટતો થઇ જાય છે. મહામહેનતે એક ગળફો બહાર આવે ત્યારે રાહત થાય છે. ખાંસી આવે ત્યારે આખો ખાટલો હલી ઊઠે છે. ક્યારેક સંતાનો અપમાનિત કરે છે. જૂની જાહોજલાલી ને યુવાનીની ખુમારીનું બાષ્પીભવન થઇ જાય છે. કહેવાતી (ડીગ્નીટી) ગૌરવ, ગરીમા, મહીમા(ગ્લોરી)ના ચૂરેચૂરા થઇ જાય છે.

સમગ્ર જીવન દરમ્યાન કરેલાં કાળાંધોળાં ને સ્વીસ બેંક કે સ્વદેશી બેન્કમાં પડેલી કરોડો અબજો રૂપિયાની રકમની પુરાંત અટ્ટહાસ્ય કરે છે. સંતકવિ કબીર કહે છે : માટી કહે કુંભારકો તું ક્યાં મોતે મોર, એક દિન ઐસા આયગા મૈં રૂંધુંગી તોર.

---

(પૃષ્ઠ ૪૯ નું અનુસંધાન)

આયુર્વેદ સેવા સમાજના ૧૯૯૮ થી પ્રમુખ છે. તેમ જ આરોગ્ય પ્રચારક મંડળના પ્રમુખ તરીકે દસ રાહત દવાખાના અને ફાર્મસી ચલાવે પણ છે.

ગુજરાત સ્ટેટ પેન્શનર ફેડરેશનના તેઓ કાર્યાધ્યક્ષ છે તો 'એજકેર" તથા ગુજરાતી સાહિત્ય પ્રચારક મંડળના ઉપપ્રમુખ પણ છે.

આમ શ્રી અંબુભાઇ પટેલ એક બહુ પ્રતિભા સેવાઓના ભેખધારી ઘરદીવડા છે. પ્રભુ તેમને લાંબુ સ્વાસ્થ્યપૂર્ણ આયુષ્ય આપે. એ જ પ્રાર્થના.

# રામકથા

(ઓગસ્ટ–૨૦૦૦ થી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

સીતા બોલી : 'મારાથી પણ તમારો વિરહ નહિ સહી શકાય એ તમે જાણો જ છો. છતાં તમારી ઇચ્છાની વિરુદ્ધ જઇને કશું પણ નહિ કરું.'

રામ અને સીતા લાંબા વખત લગી વાતો કરતાં રહ્યાં.

બંનેના પ્રાણમાં એકમેકને માટે જે પ્રેમ હતો તેને જાણે કે કાળ નહોતો સહન કરી શકતો.

રામે સીતાને કહ્યું પણ ખરું : 'કાળને આપણા પવિત્ર ને પ્રબળ પ્રેમની ઈર્ષા આવતી લાગે છે!'

કેમ? એવું કેમ બોલ્યા?

'તું ન સમજી શકી? આપણા ઉત્કટ, ગાઢ, સ્નેહ સંબંધને જોઇ ન શકનારા કાળે પંચવટીમાંથી એક વાર આપણને છૂટાં પાડી દીધેલાં, અને એ જ કાળ આપણને ફરીવાર છૂટાં પાડવાની તૈયારી કરી રહ્યો છે!

'એમાં કાળને કે બીજા કોઇને દોષ નથી દેતી. દોષ મારા કર્મનો છે અને આ વખતે તો આપણે લોકાપવાદને લક્ષમાં લઇને સમજીને જ છૂટાં પડવાની તૈયારી કરી રહ્યાં છીએ એ માટેનો દોષ બીજાને દેવો નિરર્થક છે.'

રામ કશું ન બોલ્યા.



બીજે દિવસે લક્ષ્મણને બોલાવીને એમણે પોતાની પરિસ્થિતિ સમજાવીને પોતાનો સંકલ્પ કહી બતાવ્યો.

લક્ષ્મણને રામનો સંકલ્પ જરા પણ ન ગમ્યો. પોતાના અણગમાની અભિવ્યક્તિ કરતાં એ બોલી ઊઠયો : 'તમારા વિચાર સાથે મારાથી સંમત નથી થઇ શકાતું.'

'કારણ?'

'એનું કારણ સ્પષ્ટ છે. સીતા હજુ હમણાં જ આકરી અગ્નિ પરીક્ષામાંથી પસાર થઇ ચૂકી છે. આપણે એના સાક્ષી છીએ. એવી નિર્દોષ સન્નારીને મુઠીભર મૂર્ખ અથવા અજ્ઞ લોકોના પ્રલાપથી પ્રેરાઇને આવો કઠોર દંડ ન દેવાનો હોય. બીજાના પ્રલાપને એવી રીતે મહત્ત્વના માનીએ તે તો શાંતિપૂર્વક જીવી જ ન શકાય સીતાને આવી રીતે હાથે કરીને અન્યાય ન કરવો જોઇએ.'

'એને અન્યાય નથી કરતો.' રામ બોલ્યા : 'એના મારી પ્રત્યેના પ્રેમની કદર કરું છું.'

'આવી કદર?'

'એ કદર તો મારું હૃદય જ જાણે છે. લોકોમાં એક ઉત્તમ આદર્શની પ્રતિષ્ઠા માટે અને અમારા ચારિત્ર્યને નિષ્કલંક રીતે રજૂ કરવા માટે ત્યાગ આવશ્યક છે.'

'તમને એ આવશ્યક લાગતો હોય તો ભલે, મને તો નથી લાગતો. મને તો લાગે છે કે તમે સીતાને હાથે કરીને દુઃખી કરી રહ્યા છો.'

'સીતા દુઃખી થશે તો હું શું સુખી થઇશ? એનાં સુખ–દુઃખ ને મારા સુખ–દુઃખ જુદાં છે?'

'તમે પણ સીતાના ત્યાગનો સંકલ્પ કરીને સામે ચાલીને દુઃખને વહોરી રહ્યા છો. સમાજમાં સત્પુરુષોના થોડા ઘણા ટીકાખોરો તો હમેશાં રહેવાના જ. એમની ટીકા તથા નિંદાને હસી કાઢવાને બદલે નોંધપાત્ર માનવાથી ને તેથી દોરવાઇ જવાથી દુઃખ જ પેદા થવાનું. એ વૃત્તિ વિઘાતક છે. સીતાની પવિત્રતાની તમને તો ખાતરી થયેલી જ છે.'

'પરંતુ મારે એ ખાતરી પ્રજાના પ્રત્યેક વર્ગને કરાવવી છે, જેથી કોઇ ટીકા કે નિંદા કરનાર રહે જ નહિ. રાજા તરીકે એટલું કરી છૂટવાનો મારો ધર્મ છે.'

'તો પછી લંકાના જેવી એક બીજી જાહેર અગ્નિપરીક્ષા કરાવી લો.'

રામે જણાવ્યું : 'હવે તો એવી નહિ પણ બીજી જાતની જ અગ્નિપરીક્ષા શરૂ થશે. એમાંથી મારે ને સીતાને બંનેને પસાર થવાનું રહેશે.'

'મારું મન તો એ માટે નથી માનતું.'

'પરંતુ મારું ને સીતાનું મન માની ગયું છે. એ એને માટે તૈયાર છે. મેં એના અભિપ્રાયને જાણી લીધો છે.'

'સીતા તમારી વિરુદ્ધ જવા નથી ટેવાયેલી, એટલે એણે તમારી વાતનો વિરોધ નહિ કર્યો હોય. છતાં પણ એ તમારાથી છૂટી પડવા માટે પ્રસન્નતાપૂર્વક તો તૈયાર નહિ જ થઇ હોય. એનું હૃદય ત્યાગના વિચારમાત્રથી જ રડી ઊઠયું હશે. કોઇ પણ સ્ત્રીનું રડે જ. અને પુરુષનું પણ રડે જ. તમારું હૃદય પણ સીતાના ત્યાગના વિચારથી રડયું નહિ હોય એવું થોડું જ છે?'



'રડેલું; મારું હૃદય રડેલું.' રામે કહ્યું : 'અને હજુ પણ રડે છે. ભવિષ્યમાં પણ કદાચ રડતું રહેશે, પરંતુ કર્તવ્યના પુનિત પંથનો પ્રવાસ એવો જ કપરો, અઘરો અથવા અટપટો હોય છે. એમાં હમેશાને માટે હસવાનું નથી હોતું. કોઇવાર રડવાનું પણ હોય છે : કોઇવાર ઉલ્લાસ તો કોઇવાર શોકનો સામનો કરવાનો અવસર પણ આવતો હોય છે. તોપણ કર્તવ્યના અનુષ્ઠાનમાંથી ચલિત થવાનું નથી હોતું.'

'તમે માનેલું કર્તવ્ય સાચા અર્થમાં કર્તવ્ય થોડું છે? એ તો તમારા દૃષ્ટિબિંદુ પ્રમાણેનું કર્તવ્ય છે.' લક્ષ્મણે દલીલ કરી.

'એવું કેમ કહેવાય?' રામે સામી દલીલ કરી : 'પ્રજા પ્રત્યેનું એ કર્તવ્ય પ્રજાના નાયક થવાની સાથે મને સહજ રીતે જ પ્રાપ્ત થયેલું છે. એ કાંઇ મારી મેળે માની લીધેલું કે મારી જાત પર લાદેલું નથી.'

'મને તો એવું જ લાગે છે.'

'ના એ બરાબર નથી. તું વિશાળ દૃષ્ટિથી—થોડીક નિઃસ્વાર્થ રીતે જો, તો એવું નહિ લાગે.'

'અત્યારના સંજોગો જોતાં તો મને એવું જ લાગશે.'

'છતાં પણ તારે મને મારા કર્તવ્યના અનુષ્ઠાનમાં મદદ કરવાની છે.'

'એટલે? મારે કેવી મદદ કરવાની છે?'

'સીતાને લઇને તારે રથમાં બેસીને વનમાં જવાનું છે. અને અરણ્યમાં તમસા નદીના તટ પર આવેલા મહર્ષિ વાલ્મિકીના આશ્રમના સમીપવર્તી પ્રદેશમાં મૂકી આવવાની છે.'

લક્ષ્મણ વિચારમાં ડૂબીને કરુણ સ્વરે બોલ્યો : 'એવું કઠોર કામ મારાથી કેવી રીતે કરી શકાશે?'

રામે કહ્યું : 'એ કામ કઠોર છે છતાં સાથે સાથે કલ્યાણકારક છે. હું એનો ત્યાગ કરવાનું મહા કઠોરકર્મ કરી રહ્યો છું, એની સરખામણીમાં તારું કામ ઓછું કઠોર છે. ખાસ હકીકત તો એ છે કે સીતા થોડા વખત પછી માતા થવાની છે. એને સારી પેઠે સંભાળીને લઇ જજે.'

લક્ષ્મણે થોડીવાર સુધી શાંત રહીને કહ્યું : 'મારું મન માનતું તો નથી, છતાં પણ મેં તમારી એકે આજ્ઞાને અત્યાર સુધી નથી ઉથાપી એટલે આ આજ્ઞાને પણ નહિ ઉથાપું. તોપણ મારી પ્રાર્થના છે કે, તમે આ વિષય પર ફરીવાર વિચાર કરો. તમે ને સીતાએ જે વિચાર્યું છે તેમાં ફેરફાર કરો એવી આશા રાખું છું. તમે ઊર્મિલાનો, ભરત તથા શત્રુઘ્નનો કૌશલ્યાદિ માતાઓનો ને નગરનાં બીજાં નરનારીઓનો વિચાર તો કરી જુઓ! સીતાના વનવાસના સમાચારની અસર એમની ઉપર કેટલી બધી કરુણ થશે? એ સમાચાર એ કેવી રીતે સાંભળીને સાંખી શકશે?'

'એમની ચિંતા ન કર. એમને હું સમજાવી શકીશ.'

'છતાં પણ તમે ફરીવાર વિચારીને સીતાના ત્યાગના સંકલ્પને પડતો મૂકો એવો આગ્રહ તો હું કરીશ જ. એટલો હક તો મને છે જ.'

રામ વધારે ન બોલ્યા, એટલે લક્ષ્મણ પણ મૂક રહ્યો.

(ક્રમશઃ)

## * મૂલ્યવાન માનવજીવન *

માનવજીવન અત્યંત મૂલ્યવાન છે. તે જેમતેમ જીવી કાઢવાનું નથી. તેમાં ભારે શક્તિ ને શક્યતા રહેલી છે. તેનો સદુપયોગ કરીને એક કુશળ કારીગરની જેમ માણસે પોતાના જીવનનું ઘડતર કરવાનું છે. જીવન મિથ્યા નથી. પ્રયોજન વિનાનું પણ નથી. તેની પાછળ અમુક નિશ્ચિત હેતુ છે. તેનું ખાસ પ્રયોજન છે. દેહધારી માનવને એની અલ્પતાનો અંત લાવી અને એને વધારે ને વધારે ઉચ્ચ તથા ઉજ્જવળ બનાવી છેવટે એને પરિપૂર્ણ કરવાની તક મળેલી છે. અંધકારને દૂર કરી, અસત્ય ને મૃત્યુના આવરણને હઠાવી દઈ, તેને જ્યોતિર્મય, સત્યમય ને અમૃતમય કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. તે માટે તેણે પ્રયાસ કરવાનો છે—કહો કે અનવરત પ્રયાસ કરવાનો છે. પ્રકાશના પંથના એ પ્રવાસનું એણે અવારનવાર અવલોકન પણ કરતા રહેવાનું છે ને ધ્યેય સિદ્ધ ન થાય ત્યાંસુધી જાગ્રત રહીને આગળ ને આગળ ધપવાનું છે. એવું અવલોકન અને એવી જાગૃતિ ખૂબ ખૂબ મદદરૂપ થઇ પડશે. માણસ મહામહેનતથી પોતાની જાતનું ઘડતર કરીને અસાધારણ બની શકે છે ને મહાન કાર્યો કરી શકે છે, એ વાત હજી કેટલાક માણસોના માનવામાં આવતી નથી. જે પરમાત્માને પોતાના પ્રિયતમ સખા ને સુહૃદ માને છે તેનું સૌભાગ્ય સનાતન છે. કરોડો કાળથી પણ તે લૂંટી શકાય તેમ નથી. બીજાં બધાં જ સાંસારિક સૌભાગ્યો નામના છે. ઈશ્વર પર શ્રદ્ધા રાખીને જીવનને સદ્‌ગુણી કરવા ને ઈશ્વરનું દર્શન કરવા માટે સાધના કરવા તૈયાર થવું જોઈએ.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * મનની સ્થિતિ *

નવા વાતાવરણ સાથે મન સમાગમમાં આવતાં શરૂઆતમાં બળવો કરે છે, અણગમો અનુભવે છે, ને જૂનું વધારે સુખમય ને સારું હતું એમ માનીને તેની ચાહના કરે છે. એમ કેટલાક સમયસુધી ચાલ્યા કરે છે ને પછી પરિસ્થિતિ પલટાય છે. મન નવી વ્યક્તિ ને નવા વાતાવરણથી ટેવાઈ જાય છે ને છેવટે તેમાં જ આનંદ અનુભવવા માંડે છે. જૂનાનું આકર્ષણ પછી ઓછું થાય છે ને જૂનાની આસક્તિ ને જૂના પ્રત્યેનું મમત્વ પછી નવામાં અનુભવાય છે. પછી તેનો ત્યાગ કરવાનું મન થતું નથી. મનની રચના જ એવી છે કે તે એ પ્રમાણે સંસાર બદલ્યા જ કરે છે. તેની પ્રેરણા અને પ્રસન્નતાના સ્થાન ને કેન્દ્રમાં ફેરફાર થયા જ કરે છે. આજે જે પ્રિય લાગે છે, તેના તરફ કાલે ઉદાસીનતા થાય છે, ને એક બીજી કાલે તે એકદમ અપ્રિય બને છે. છેવટે કેટલીક વાર તેનું સ્મૃતિપટ પરથી નામનિશાન મટી જાય છે. વળી તેનું સ્થાન કોઈ બીજું જ લે છે ને તે બીજું વળી વધારે પ્રિય બને છે. તેનામાંથી પ્રેરણા ને પ્રકાશ મળે છે ને મન તેને ભજતાં એમાં આસક્તિ કરતું થઈ જાય છે. તે પણ કાયમ રહે તો ભલે, નહીં તો તેને બદલે કોઈ નવી જ વ્યક્તિ ને વાતાવરણમાં તે લીન બને છે. મનનો એવો સામાન્ય સ્વભાવ છે ને તે લગભગ બધે જ એક સરખો દેખાય છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. 1688 બી. સરદારનગર, ભાવનગર–1.